આવનગાઃ



બ્રિટિશ મ્યુઝિયમ લંડન



ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી

વિવિધ જ્ઞાન ગ્રંથમાળા.

(મણકો ૩૧ મો.)

સમાજ ઉત્પત્તિ તત્વ.

લખનાર,

નારાયણ હેમચંદ્ર.

અમદાવાદ

"નિર્મળ" પ્રિન્ટિંગ પ્રેસ, મદનગોપાળની હવેલીમાં

લલ્લુભાઈ ઇશ્વરદાસ ત્રિવેદીએ છાપ્યું.

કિમ્મત ચાર આના.

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી વિવિધ જ્ઞાન ગ્રંથમાળામાંનાં આ લખનારનાં પુસ્તકો.

મણકો.		કિંમત.
૧	વિવિધ જ્ઞાન.....	૦॥
૨	રત્નાવળી..	૦॥
૩	રોમિયો અને જુલિયટ.	૦॥
૪	અપરાધ તત્વ...	૦॥
૫	હસ્તતત્વ વિવેક એટલે માણસને પારખવાની વિદ્યા. ...	૦॥
૬	નાની મીઠી વાર્તા.	૦॥
૭	વાસવદત્તા.	૦॥
૮	સૌન્દર્ય તત્વ.....	૦॥
૯	પ્રેમ તત્વ	૦॥
૧૦	કમળ કુમારી...	૦॥
૧૧	બૈજિક તત્વ એટલે પ્રાણીઓની ચઢતી કરવાની વિદ્યા...	૦॥
૧૨	કાલિદાસ અને સેક્સપિયરની તુલના.	૦॥
૧૩	કવિ તત્વ.	૦॥
૧૪	કાવ્ય તત્વ..	૦॥
૧૫	હૃદય તત્વ અથવા ચારિત્ર....	૦॥
૧૬	ઈશ્વર જ્ઞાન.	૦॥
૧૭	ધર્મ જ્ઞાન.	૦॥
૧૮	અધ્યાત્મિક વિજ્ઞાન તત્વ..	૦॥
૧૯	જયસિંહ...	૦॥
૨૦	વિવિધ મીઠી વાર્તાઓ..	૦॥
૨૧	સંસાર ધર્મ નીતિ.	૦।
૨૨	અવગુણપર ગુણ	૦।
૨૩	સૃષ્ટિ ઉત્પત્તિ તત્વ.....	૦।
૨૪	સૂર્ય.	૦।
૨૫	કર્ણસુંદરી	૦।
૨૬	જીવોત્પત્તિ તત્વ.	૦।
૨૭	બ્રહ્માંડ તત્વ.....	૦।=
૨૮	ગાયન તત્વ.	૦।
૨૯	મૃણાલિની.	૦॥
૩૦	રાજ્ય ઉત્પત્તિ તત્વ...	૦।
૩૧	સમાજ ઉત્પત્તિ તત્વ...	૦।

(મુંબાઈ. કાવસજી પટેલ તળાવ.) નારાયણ હેમચંદ્ર.

ભાવનગરના દિવાન શ્રી પ્રભાશંકર દલપતરામ પટણી.




માન્યવર,

જોયું છે કે આપે ટુંક અરસામાં રાજ્ય તંત્ર સંપાદન કરી દિવાન પદ પ્રાપ્ત કર્યું છે ને જેમ જેમ આપની ચઢતી થતી ગઇ તેમ તેમ આપનામાં ઔદાર્ય વધતું ગયું એ મારા જીવનમાં મેં ખરી રીતે અનુભવ્યું છે. રાજ્ય તંત્રના પેટામાં સમાજ રહેલી છે તેથી નવા વર્ષની પુષ્પાંજલીમાં તેમજ મારા ઉપર આપના ઉપકારના સ્મર્ણાર્થે આજ "સમાજ ઉત્પત્તિ તત્વ"નું પુસ્તક જે વિદ્વાન હર્બર્ટ સ્પેન્સરના તર્કો ઉપરથી કરેલું છે તે અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

સંવત ૧૯૫૯, કાર્તિક.

આપનો

નારાયણ.



સમાજ ઉત્પત્તિ તત્વ.

સમાજ ઉત્પત્તિ તત્વ.

અમદાવાદ જેવું એકાદું મોટું શહેર આપણે લક્ષપૂર્વક જોયું હોય, તો તેમાં ઘણી જાતના ચમત્કાર જોવામાં આવે છે, એવાજ ઘણા મોટા શહેરમાં હજારો કદી કદી લાખો માણસો ઘરો બાંધીને રહે છે; એ વસ્તીમાં કેટલાંક માણસો એકલાં તથા કેટલાક કુટુંબના બંધનમાં બંધાયલા હોય છે. આ માણસોમાંથી કેટલાંક પોતાના ઉદર પોષણને માટે વિવિધ પ્રકારના ધંધા રોજગાર ઉદ્યોગ કરીને કાળ ગાળે છે. એવા શહેરમાં અમસ્તા ગયાથી, ગાડીમાં સવાર થઇને તથા ઘોડા ઉપર બેસીને ઘણા માણસો રાત દહાડો જાય આવે છે. કોઈ કોઈ જગાએ મોટા રસ્તાપર બે બાજુએ નાની મોટી દુકાન માંડેલી હોય છે અને તેમાં જરૂરની વસ્તુઓ ગોઠવેલી હોય છે અને દુકાનદાર ગ્રહાકને માલ દેખાડે છે, આપે છે અથવા ગ્રહાકની વાટ જોતા બેઠેલા છે. આ દુકાનમાંની કેટલીક દુકાનોમાં જાત જાતનો માલ તથા કેટલાકમાં એકજ જાતનો માલ વેચવા મૂકેલાં જોવામાં આવે છે, શહેરમાં ઠેકઠેકાણે બધાને સહજમાં મળી શકે તેને માટે મોટા મોટા બજારો તથા હાટો ભરાઇને થોકબંધ તથા પરચુરણ વેચવા ખરીદવાની એક સરખી ગડબડ થઇ રહેલી છે. બજારમાંથી તથા દુકાનમાંથી ખરીદવું તથા વેચવા માટે ઘણી જાતનો માલ તૈયાર કરવા માટે કારીગરીનાં ઠેકઠેકાણે કારખાનાં હોય છે. એક ગલીમાં વાસણ બનાવનાર, એકમાં કપડાં વણનારા, એકમાં કપડાં શિવનારા, એકમાં ભાજીપાલો વેચનારાનું કામ ચાલેલું છે તથા જે ગલીમાં જે માલ તૈયાર કરવાનાં કારખાનાં છે તે ગલીમાં કારખાના ઉપર નામનાં પાટિયાં પણ મારેલાં છે અથવા ત્યાં કંઇક બ-

હાર મૂકીને દેખાડેલું હોય છે કે અહિંયાં આવા કામ થાયછે. તેના વિના દરરોજ અથવા નિયમિત કાળથી જરૂર લાગે એવો માલ ટોપલામાં ભરીને અથવા તેને કોથળામાં નાખીને ફેરીવાળા ફરે છે. શોખીન માણસોનો શોખ પૂરો કરવા માટે સુગંધી અતર, તેલ, ફૂલની માળા, ફળાહાર દુકાન પણ અહિં છે. જે માલ જ્યાં તૈયાર થાય છે તે બધા ત્યાંજ ખપે છે એવું નથી. તેમાંથી કેટલોક માલ બીજા દેશમાં પણ જાય છે, માલ બહાર લઇ જવા માટે ગાડી, ઘોડા, બળદ, ખચર, ગધેડા વગેરે લઈ લાવને માટે ભાડાના વાહનો અથવા માથે ઉપાડી લઇ જનારા કેટલાક મજુરીનું કામ કરે છે, પૈસાદાર તથા શોખીન માણસો શરીર ઉપર ઘરેણાં ઘાલીને તથા સુંદર પોશાક પહેરીને ફરવાની, પોતાના ઘરો, ઓરડાઓ તથા આરામ મંદીરો શણગારવાને અને ઘોડાની ગાડીમાં અથવા બળદની ગાડીમાં બેસીને બહાર મોજ મારવાની ઇચ્છા હોય છે, તે પૂરી કરવા માટે મોતીવાળા, ઝવેરીઓ, સોનાર, કલાબતુનું કામ કરનાર, ચિત્રકાર, રંગારી વગેરે કુશળ કારીગરોના કારખાના તથા દુકાનો ઠેકઠેકાણે હોય છે.

આ મોટા સમૂહમાં પુરૂષો, સ્ત્રીયો તથા છોકરાં છે એ કહેવું પડે એમ નથી. પોતાના છોકરાઓ કંઇક ભણ્યાથી તેનો સંસાર સારી રીતે ચાલે એવું દરેક છોકરાના મા બાપને લાગે છે, પરંતુ બીજા ધંધા રોજગારથી તેઓ પોતે છોકરાને શીખવી શક્તા નથી, તેથી ઠેકઠેકાણે મહેતાજી છોકરાઓને લઇ અક્ષર, હિસાબ, પાઠો વગેરે વ્યવહારમાં ઉપયોગી પડવાની બાબત તેને ભણાવતા જોવામાં આવે છે. જે મા બાપની ઇચ્છા પોતાના છોકરા સારા ભણે એવી હોય છે તેને મોટી મોટી સ્કૂલમાં, કોલેજમાં તથા પોતાને ત્યાં માસ્તર રાખીને ભણાવે છે.

માણસ કુદરતી ભક્તિ વગરનો નથી, તેની ભગવાન ઉપર તથા ધર્મ ઉપર થોડી ઘણી શ્રદ્ધા હોય છે; તથા તેની જગાએ બેસનારી બુદ્ધિના સમાધાનને માટે તે તપ, વ્રત, યજ્ઞ, યાગ, પૂજા વગેરે પોતે

અથવા બ્રાહ્મણના દ્વારા કરાવે છે. પેટનો ગુજારો કરવો જેમ દરેક માણસને માટે છે, તેમજ ધર્મ બુદ્ધિમાંજ ઘેરાયેલા છે. આવા આ મોટી બુદ્ધિના સંતોષને માટે આ શહેરમાં ઠેકઠેકાણે જૂદા જૂદા દેવતાના મંદિરો છે અને તેની પૂજા, તથા નૈવેદ્ય વગેરે યથાયોગ્ય કરવા માટે દેવસ્થાનમાં નેમણુકો છે. પૂજારી તથા ગુરૂ પૂજાની તથા દેવળની બધી વ્યવસ્થા જોય છે, ઘણાખરા દેવળોમાં દરરોજ કથા પુરાણ તથા કોઈ કોઈ વખતે કીર્ત્તન થાય છે અને તે સાંભળવા માટે નાનાથી મોટા સુધી આવે છે. કથા કહેવી એ નિયમિત લોકોનો પેઢી દર પેઢીએ ધંધોજ થયલો હોય છે. તેના સિવાય ઘેર ઘેર આપવાના દાન ધર્મ, વ્રત, શ્રાદ્ધ યથાશાસ્ત્ર કરવા માટે એક ભિક્ષુક વર્ગ બનીને બે પૈસા રળવાની ઇચ્છાથી યજમાનોને ઘેર વખતો વખત આંટા ફેરા ખાય છે. પોતાના પોષણમાંનું અનાજ તથા પૈસાનો થોડોક ભાગ પણ પરોપકારને માટે ખર્ચાય એવી દરેક માણસની ઇચ્છા હોય છે તથા તે પ્રમાણે તે ભિક્ષા તથા દક્ષણા ભિખારીને તથા બ્રાહ્મણને આપે છે. તે ભિક્ષા લેવા માટે ભિક્ષુકોનાં ટોળેટોળાં સવાર સાંઝે આવતાં જતા જોવામાં આવે છે. આ ટોળામાં આંધળાં, પાંગળાં, લુલાં, લંગડાં, વૃદ્ધ, રગત પીતીઆ એવા ખરેખર અનાથ ભિક્ષુક પણ હોય છે, પરંતુ તેની જોડે કેટલાક મજબુત બાંધાના જુવાન, આળસુ, વ્યસની, લુચ્ચા, ચોર ઇત્યાદિ પણ ભિક્ષા માગે છે તથા તેઓને થોડી મ્હેનતથી વર્ષોના વર્ષ પેટ ભરાય છે. તાત્પર્ય આ સમૂહમાં જેને ભિક્ષા માગવાનો ધંધોજ છે તેનો આ વસ્તીમાં એક જૂદો વર્ગ બનેલો છે; તેના સિવાય જે દેવળો તથા દેવસ્થાનો ઉપર કહ્યા છે તેમાં સામેલ કરેલા તથા જૂદા મોટા મોટા મોટા સદાવ્રતો છે. તેમાં ગયાથી અનાથને નિયમિત કાળ સુધી એક અથવા બે દહાડા સુધી ખાવાનું મળે છે તથા તેને રહેવા માટે ધર્મશાળા પણ ઉઘાડી હોય છે.

આ મોટી વસ્તીમાં દર વર્ષ હજાર પંદરસો લગ્નો, જનોઈ વ-

ગેરે કાર્ય નીકળે છે, આ મંગળ કાર્યમાં જમવાનું, મોજ મારવાનું તથા ઈષ્ટમિત્રનો અને સગાં વહાલાંનો આદર સત્કારની તૈયારી પહેલા કરતાં વિશેષ પ્રકારના હોવાથી તેમાં ખપનારી વસ્તુઓ પણ વિશેષ પ્રકારની હોય છે, પરંતુ તે પૂરી પાડવા માટે અહિં બધી તૈયારી છે. વાજાં, તાંસાં, ઢોલ, શરણાઇ વગેરે વાજીંત્ર વગાડનારા તૈયાર છે. ગોર, ગોરાણી, રાંધનાર પીરસનારાને સૂચના કરતાંજ ઘેર આવીને પોતપોતાના કામમાં લાગે છે. મશાલજી મશાલ સળગાવીને ઉભો રહે છે. ફૂલમાળી હાર, તોરા, ગજરા, વેણી ટોપલીમાં ભરીને હાજર થાય છે. પૈસા હોય તો આવી બાબત પણ અહિં અડધી રાતે પણ મળવાને કંઇપણ વાર લાગતી નથી. મંગળ કાર્યની પણ છે અને ઉત્તર કાર્યની પણ ત્યાં તૈયારીઓ છે, એનું વિસ્તારીને કહેવાની કંઈ જરૂર નથી.

બધી વખત મહેનત તથા ઉદ્યોગ કરીશું એવું કહેવાથી માણસનું ચાલતું નથી. તેનું વખતો વખત મનોરંજન થયું હોય તો તેની થકાવટ જાય છે અને તેને ફરી મહેનત કરવાની ઉમેદ તથા હોશિયારી આવે છે. મોટા શહેરમાં આવાં મનોરંજન તૈયાર છે. રસ્તામાં ગારડી તથા દોરડા ઉપર કસરત કરનાર પોતાના ખેલ દેખાડતા ફરે છે, ગવઇયા, વગાડનાર, નાચ કરનારી કળાવંતી તથા નકલ કરનારાઓને તેડાવ્યાથી તરત ઘેર આવીને પોતાની કળા દેખાડીને મનોરંજન તથા ખુશી કરે છે. રાતે નાટકશાળામાં જોનારને નટો રીઝવે છે. સારાંશ ઠેકઠેકાણે આ શહેરમાં મનોરંજનના સાધનો તૈયાર છે. તેના શિવાય નિયમિત વખતે મોટી મોટી જાત્રા, ઓરસ, ઉત્સવ તથા મેળાઓ ભરાય છે. લોકો એક દીલથી તથા આનંદથી જાય છે.

આવી આ મોટા માણસની ઠઠમાં ઘણીક મૂર્તિ, ઘણીક જાતની પ્રકૃતિ હોઇને તેનો વ્યાપાર, હેતુ, મતલબ, ઇચ્છા, આશા, બુભુક્ષા ઇત્યાદિ શારીરિક તથા માનસિક વિકાર જૂદા જૂદા ચાલેલા જોઇએ ત્યારે તેમાં વ્યક્તિ વ્યક્તિનો, કુટુંબાકુટુંબનો અથવા વર્ણાવર્ણનો ક-

લહ તથા એખનાવ નહિ થતાં અથવા થયો હોય તો તે જલદીથી જતો રહીને સરાસરીના બધાના સુખ કેવી રીતે સાધવામાં આવે છે તથા આવા મોટા સમૂહને હારબંધ રાખીને દરેકને હાથે યોગ્ય વર્ત્તન રાખનાર એવો આ જનમંડળ ઉપર કોઇ શ્રેષ્ઠ પ્રભુ છે કે શું? આવા બે સવાલો વિષયાનુરોધથી ઉત્પન્ન થાયછે. પરંતુ તેનો પણ યોગ્ય જવાબ આપવા જેવી આ સમૂહની વ્યવસ્થા છે. ગજવા કાતરનારે ખુસીથી કાપીને તેમાંના પૈસા ચોરી લીધા, બેઉ વચ્ચે ગાળાગાળ, બોલા ચાલી થઇ ને તે મારવાપર આવ્યા તથા તેમાંથી એકે બીજાને યથા- યોગ્ય માર્યો, રાતે બે ચાર ચોરોએ એક પૈસાદારના ઘરમાં ખાતર પાડ્યું, દુકાનદારે ગ્રહાકને ઉધાર માલ આપ્યો પરંતુ ગ્રહાકે તેની કિં- મત દુકાનદારને આપી નહિ, ઇત્યાદિ ગુન્હા તથા દાવા થયાથી સરકા- રના માણસો આવીને ગુન્હેગારને પકડે છે, અને નિમેલા ન્યાયાધિશ ગુન્હાના પ્રમાણમાં ગુન્હેગારને સજા આપે છે. દુકાનદાર પોતાની ફરિ- યાદી તેની પાસે લઇ ગયો તો ગ્રહાકની પાસેની તેની બાકી તેને મળે એવો હુકમ આપે છે. તેજ સરકાર બીજાનું રાજ્યને રોકવા માટે મોટું લશ્કર રાખીને તે આવે તો તે દૂર કરે છે. જનમંડળનું તથા તેમાંના માણસોનું તથા ધનનું સંરક્ષણ વગેરે કામ કરે છે તથા દર વર્ષે પોતાનો ખર્ચ પૂરો પાડવા માટે સમાજની તરફથી નિયમિત રકમ લેછે.

શહેરમાં વસ્તી કરીને રહેનારા મોટા સમૂહનું આ જગાએ વ- ર્ણન કર્યું છે ખરૂ, પરંતુ એટલાથી જ તેનું આખું સ્વરૂપ સમજાયું છે એવું નથી, બીજી ઘણીક ઝીણી ઝીણી બાબતનું મનન કરવું જોઇએ, પરંતુ તેવું કરવાનો અહિં અવકાશ નથી. એ શહેરના એક મોટા રસ્તા ઉપરથી આપણે શહેરની બહાર ગયા તો રસ્તો ત્યાં પૂરો નહિ થતાં છેક લાંબોને લાંબો જાય છે એવું જણાય છે. તે રસ્તેથી આગળ જઇએ તો પચીસ ત્રીસ ગાઉપર એવું જ બીજુ શહેર મળે છે. તથા

તેની વ્યવસ્થા જોતાં ઉપર વર્ણન કરેલા પહેલા શહેરમાંની વ્યવસ્થા પ્રમાણે છે એવું જણાય છે. આ શહેર સ્વતંત્ર નહિ હોતાં તે બેઉમાં ઘણો જ પાસેનો સંબંધ છે એવું તેમાં ચાલેલા પરસ્પરના વ્યવહાર ઉપરથી માલમ પડે છે. આ બે શહેરને જોડનારા મોટા રસ્તાના ઠેક-ઠેકાણે નાના રસ્તા તથા પગદંડી ફૂટેલી નજરે પડે છે. તેમાં ગયાથી બે બે ચાર કોશના તફાવતપર નાના નાના ગામો મળે છે. તેમાંના રહેવાસીઓને રહેવાની, ઉદ્યોગ કરવાની તથા બીજા વ્યવહારની વ્યવસ્થા નાના પ્રમાણ ઉપર હોય છે પરંતુ શહેરના જેવી હોય છે તથા એ ગામોની જો કે શહેરની તથા શહેરની જોડે ગામડાના અરસપરસ વ્યવહાર ચાલેલા હોય છે. રસ્તા તથા પગદંડી છોડીને ગામડામાં તથા શહેરમાં જે જમીન નજરે પડે છે તેમાંથી ઘણીક જમીન ખેતીવાડીના કામમાં આવે એવી હોય છે તેમાં ગામના તથા શહેરના ઘણા માણસો અનાજ, કપાસ, શાક, ભાજી તથા બીજા પાક ઉત્પન્ન કરે છે. મુંબઇ ઇલાકાના જેવી વિસ્તારવાળી જમીનને લેવામાં આવે તો તેમાં આવા ઘણાક શહેરો, ઘણાક નાના મોટા ગામો તથા વાડીઓ બગીચા ઠેકઠે-કાણે જણાય છે.

આં લોકની વસ્તીની વ્યવસ્થાને જરા ધ્યાન પૂર્વક જોવામાં આવે તો એવું નજરે પડે છે કે, આ મોટા ક્ષેત્રની વસ્તીના ઘણાક નાના વ-ર્ગ થઇને પ્રત્યેક વર્ગ એકેક જાતનો ધંધો કરે છે. મનુષ્યને મુખ્ય કરીને રહેવાને ઘર, અન્ન તથા વસ્ત્ર જોઇએ છીએ. તેથી અનાજ, કપાસ વગેરે પકાવનાર ખેડુત, વસ્ત્ર વણનાર વણકર, સુતાર, લુહાર, મોચી એવા ઠેકઠેકાણે વર્ગ છે. એ વર્ગ મુખ્ય જનમંડળીના અંગો છે એવું કહ્યાથી ખોટું કહેવાય નહિ. તથા તે બધા અંગો વચ્ચે એવું કંઇ એ-કમેકના ઉપર અવલંબીને રહે છે કે તેમાંથી એક જો આપઘાતથી અ-થવા બીજા કોઈ કારણથી નાશ પામ્યો તો બધા અંગોના સુખને ધક્કો પહોંચે છે. એકનું જે સુખદુઃખ છે તે બધાનું સુખદુઃખ એવો તેમાં

પાસેનો સંબંધ છે એવું જણાય છે. આ સંબંધ કેટલો પાસે છે એ ડગલે ડગલે આપણને અનુભવમાં આવે છે. ખેડુતે અનાજ નહિ વાવવાની મસલત કરી અથવા દુકાળને લીધે પકાવવામાં આવે નહિ તો બધા માણસોને ભૂખ્યું રહેવું પડે છે. વણનારે વસ્ત્ર વણ્યા નહિ તો લોકો તાઢથી ધ્રુજવાના. યુરોપમાંના કોયલા ખોદનારાઓએ અથવા મજુરોએ સંપ કર્યો તો તરત કોલસાનો તથા બીજા માલનો ભાવ વધીને સમાજની દુર્દશા થયલી વરંવાર દૃષ્ટિએ પડે છે. આવી રીતે જેટલો માલ એકંદર સમાજના નિર્વાહને માટે જરૂરનો છે તેટલો આવા જ કંઇ કારણથી આવતો બંધ થયો તો એકંદર વસ્તુની મોઘાઈ થઇને એકંદર સમાજના સુખસાધનમાં હરકત પહોંચે છે.

ઉપરની બધી બીના મનમાં આવ્યાથી સમાજની વ્યાખ્યા સરાસરીથી કરી શકાશે. હકસલીએ સમાજની આવી વ્યાખ્યા કરી છે કે “ મોટા હો કે નાના હો, સમાજ આ એક કણ છે. આ કણમાં માણસ અણુરેણુ છે. આ અણુરેણુમાં સ્નેહ અને વિરોધ ધર્મ હોઇને તે તેની ઇચ્છામાં તથા વૃત્તિમાં પ્રવૃત્ત થાય છે; તેના શિવાય તેમાં પોતાની વૃત્તિના યથાસ્થિત સમાધાન કરી લેવાની છુટ હોય છે. એ છુટ જ સ્વતંત્રતા છે. પરંતુ જનમંડળમાં રહેનાર માણસરૂપી અણુને પોતાના સ્વતંત્રતાના ઉપર ઘણીક રીતે પાણી છોડવું પડે છે, કારણ તે સ્વતંત્રતાનો પૂર્ણ ઉપભોગ કર્યો તો જનમંડળની ઘણી હાનિ થાય છે.”

ઉપરની વ્યાખ્યા રસાયનના દૃષ્ટિબિંદુથી બરાબર છે. પરંતુ તે જેટલી જણાવવી જોઇએ તેટલી નથી. સ્પેન્સરે એક જગાએ વ્યવહારની દૃષ્ટિબિંદુથી સમાજની વ્યાખ્યા આપી છે, તે આવી છે. જે અનેક વ્યક્તિનો મેળાપ થઇને એક મોટો સમૂહ થાય છે, જેમાં વ્યક્તિના આરંભનું જો સ્વતંત્ર હોય છે તો પણ પાછવાડેથી તે એકમેકના ઉપર અવલંબીને રહે છે તથા તેનું આ પરતંત્રપણું દહાડે દહાડે વધતું જાય છે, જે લોકસમૂહમાંથી વ્યક્તિના જૂદા જૂદા વર્ગ બનીને તથા એકેક

વર્ગ એકેક ધંધો કરવા માંડે છે. એકંદર સમૂહના સુખસાધનનું નિર્માણ કરવામાં જે વિવિધ ઉદ્યોગ કરવા પડે છે તેમાં શ્રમવિભાગ ઉત્પન્ન થાય છે તથા જેના જૂદા જૂદા વર્ગ તે સમૂહના અંગો તથા ઉપાંગો એવા કંઇક એકમેકના ઉપર અવલંબીને રહે છે કે એકને ઇજા થાય તો સર્વ સમૂહમાં ઇજા થાય છે; આવા જૂદા જૂદા બંધ નથી બંધાયલા તથા એકમેકના ઉપર સર્વ રીતે અવલંબીને રહેનારા જે મોટા વ્યક્તિ સમૂહ તે સમાજ છે. એકાદુ પ્રાણનું શરીર, અવયવ તથા ઇન્દ્રિયોનો એક બીજાની જોડે સંબંધ છે તે મનમાં લાવવામાં આવે તો જનમંડળની ઉપલી વ્યાખ્યા સારીરીતે ધ્યાનમાં આવશે.

સમાજ એ બનાવટી છે કે નહિ ?

આ સવાલ અહિં ઉત્પન્ન થવાનું મોટું આશ્ચર્ય નથી, કારણ જડ અથવા જીવ સૃષ્ટિમાં જે જે કંઈ રચનાનો ચમત્કાર જોવામાં આવે છે, તે તે કોઇ પણ તેમજ બન્યા છે એવું પ્રતિપાદન કરવાનો બધે ધારો પડ્યો છે. જે માણસ અજ્ઞાન છે, જેનું અવલોકન ઓછું છે, ચોકસ બુદ્ધિ સંકોચિત છે અને જેના કાર્ય કારણ ભાવ આ સર્વગામી નિયમનો પરિચય ઘણોજ થોડો છે, એવા લોકોમાં થયલા વિચાર દૃઢ હોવા એ સાહજિક છે; પરંતુ સુધરેલા માણસોમાં પણ એવા અવિચારનું જ્ઞાન હોય છે એ એક આશ્ચર્ય ભરેલું છે. આકાશમાં સૂર્યમાળાના જેવી ગ્રહમાળા હમણાં છે તેવાજ રચીને જગન્નિયંતાએ એકવેળાએ જે વેગથી તે ફેરવ્યા છે તેજ વેગથી હજી સુધી ફરે છે, તથા પહાડ, નદી, સરોવરો, ઝાડ, વનસ્પતિ કૃમિ, કીડા ભોય ઉપર ચાલનાર સાપ ઇત્યાદિ ચાલનારા તથા આકાશમાં ઉડનારા પ્રાણીઓ હાલમાં જેવા છે તેવાજ પરમેશ્વરે બનાવ્યા છે, એવું અમારા શિક્ષકો અમને નાનપણથી કહેતા આવ્યા છે. ખ્રિસ્તી લોકોના ધર્મપુસ્તકમાં લખ્યું છે કે,

જગતના આરંભમાં બધું કંઇ અંધાર હતું, પરંતુ પરમેશ્વર તેમાંથી સાત દહાડામાં પૃથ્વી બનાવીને આખરે માણસ બનાવ્યો. આવી પહેલાંના માણસોની કલ્પના બધી ખરી નથી એ બીજા બધા શાસ્ત્રના ઇતિહાસ-પરથી જણાય છે. આકાશ રચના, પૃથ્વીનો આકાર, પંચ મહાભૂત, સમુદ્ર, જમીન, પ્રકાશ, હવા, વરસાદ, ગ્રહણો, ધૂમકેતુ, રોગ, મહામારી વગેરે ચમત્કારના વિષયની કલ્પના હાલના શોધ ઉપરથી હમણાં ખોટી ઠરી છે. તેમજ જૂદા જૂદા પ્રાણીની ઉત્પત્તિની પહેલાના લોકોનો વિચાર હવે ખોટો જણાતો આવે છે. સમાજના જેવા સંસ્થાજ બનાવટી હોય છે એવી પ્રાચીન લોકોની સમજણ હતી. જૂદા જૂદા ભાગ એક જગાએ એકઠા કરીને માણસ એક્કાદી વસ્તુ બનાવે છે તેમ જ સમાજ પણ બનાવતા આવશે એવું પ્લેટોનું મત હતું, અને માણસ આ સમાજ બનાવી શકશે એવું હાપ્સે સિદ્ધ કર્યું છે. હિંદુસ્થાનમાંના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર પોત પોતાના કામ ધંધાના અનુરોધથી થયા નથી પણ તે બ્રહ્મદેવે બનાવ્યા છે એવું આપણે સમજીએ છીએ, અર્થાત્ આપણો સમાજ એજ ઇશ્વરે બનાવેલો છે એવું આપણા લોકો સમજે છે એ કહેવું પડે એમ નથી. પરંતુ આ વિચાર અજ્ઞાનતાને લીધે છે એવી બીજા દેશની પ્રાચીન વ્યવસ્થા ઉપરથી સારી રીતે સિદ્ધ થાય છે. અથીનિયન ઍંગલોસાકસન પ્રાચીન ઇજીપ્સિયન, મિડીજ, પરસિયન, એરેબિયન, કોલશિયન ' તથા પેરૂવ્હિયન લોકોમાં પણ હિંદુસ્થાનની જાતિભેદના જેવી જાતો હતી. ઉપલા માણસોનો ધર્મ હિંદુ ધર્મથી તદન જૂદો હતો; તેના ઉપરથી તે લોકોની જાતિની ઉત્પત્તિ વિશ્વકર્ત્તાએ કરી એવું માનવાના કરતાં તે દેશ કાળ વર્ત્તમાનને લીધે ઉત્પન્ન થઇ હતી એવું માનવું યુક્તિને અનુસરતુ છે, સૂર્ય, ગ્રહ, તારા તથા તેની ગતિ, પૃથ્વીની રચના, તથા વનસ્પતિ, ઝાડ, પશુ, પક્ષી વગેરે પ્રાણીના શરીરની રચના તથા ગુણ આપણા નજરે પડે છે તે કાળે કરીને કંઇક અબાધિત નિયમથી થયા છે એવું જો

હાલમાં સિદ્ધ કરી શકાય છે તો પણ તેના નિશ્ચમથી સમાજની પણ ઘટના થાય છે એવું માનવાનું મોટામાં મોટું કારણ છે.

સમાજ બનાવટી ઉપાયોથી કરી શકાતી નથી આ બીના એટલી સ્પષ્ટ છે કે તેના વિષયમાં એવું જ્ઞાન થવું એ એક નવાઇનું જ છે. સમાજમાં જે શ્રમ વિભાગ નજરે પડે છે, તે એક ચમત્કારનું મનન કરવામાં આવે તો તે કાયદાથી અથવા એકાદા સમર્થ પુરૂષથી બન્યો નથી એ ઇતિહાસ ઉપરથી સિદ્ધ થાય છે. જે ઇંગ્લંડ ઉદ્યોગ ધંધામાં આગળ પડતો છે, તે દેશમાં જૂદી જૂદી જગાની હવા પાણીની અનુકૂળતા પ્રમાણે જૂદા જૂદા ધંધા તથા તે કરનાર મજુર તથા કારખાનાં ઉત્પન્ન થઇને તે દેશમાં સોનાનો ધુંવાડો નીકળે છે, તે દેશમાં લંકેશાયર પ્રાંતમાં દશ લાખ માણસો કપડુ તૈયાર કરવા ગુંથાયલા છે. યોર્કશાયરમાં લાખ કરતાં વધારે માણસો ઉનનાં કપડાં વણે છે, સ્ટફર્ડશાયરમાં કાચના વાસણો, શેફીલ્ડમાં હથિયારો કરવામાં હજારો કારીગરો ઉત્પન્ન થયા છે. પરંતુ અમુક જગાએ અમુક લોકોએ અમુક ધંધો કરવો એવું સરકાર તરફથી હુકમનામું અથવા કાયદાનું અથવા સમર્થ પુરૂષોએ ફર્માવ્યું છે એવું ઇંગ્લંડના ઇતિહાસમાં કદી પણ જોવામાં આવતું નથી.

સમાજમાંના ઉદ્યોગ ધંધાની ઉપર કહેલી વ્યવસ્થા કાયદાથી ઉત્પન્ન થઇ નથી એટલું જ નહિ પણ કેટલીક જગાએ કાયદાને નહિ ગણકારતાં પોતાની મેળે ઉત્પન્ન થયા છે. જેમ જેમ જનમંડળની હીલચાલ તથા ગરજ વધતી જાય છે તેમ તેમ તે ઉત્પન્ન થાયછે. જેમ એક નાના બીમાંથી મોટા ઝાડનો વિસ્તાર થાય છે, તેમ જનમંડળનો શ્રમ વિભાગ તથા ઉદ્યોગ ધંધાની પદ્ધત હળવે હળવે પ્રગટ થાય છે તથા તેનું વધતું એટલું સૂક્ષ્મ હોય છે કે, તે માણસના લક્ષમાં પણ આવતું નથી. સારાંશ, તમામ રચનામાંના ઉદ્યોગ ધંધાના જેવી એક સંસ્થા પોતાની મેળે ઉત્પન્ન થાય છે એવું જો નક્કી થયું, તો બીજી વ્યવસ્થા તેવીજ સમાજની ફેલાવાની જોડે તથા ઉત્કર્ષની

આથે નિર્માણ થાય છે એવું કહેવાથી કંઇ પણ ખોટું થનાર નથી.

એકાદી વખતે સમાજ વ્યવસ્થાનો રાજાજ્ઞાથી થોડું ઘણું બદલાવી શકાય છે. હાલમાં હિંદુસ્થાનમાં અફિણ તથા દારૂ કોણે ઉત્પન્ન કરવા તથા ક્યાં કરવા એ કાયદાથી ઠરાવ્યું છે. તેમજ જંગલ, સંમતિ-કાયદા વગેરે રાજાજ્ઞાથી સમાજ કંઇક બંધાયલું છે તથા સમાજના વ્યવહારમાં એ કાયદાથી થોડુંક રૂપાંતર પણ થયું છે એવું કહેવાય અને આ રાજાજ્ઞાથી સમાજરચનામાં જે ફેરફાર થાય છે તે ઉપરના કહેવામાં કેટલાક માણસો વાંધો લાવે છે. કારણ જે વખત રાજા એકાદી બીના વ્યવહારમાં લાવવા માટે કાયદો ઘડે છે તથા તેનો અમલ કરવા માટે કામદાર નેમે છે, તે વખતનો તે પ્રકાર બતાવે છે એવું લાગવું એ સંભવ છે. પરંતુ બારીક વિચાર કર્યો હોય તો આ જે કાયદાથી સમાજમાં ફેરફાર થાય છે તેનું કારણ કાયદો નથી. જે ઠેકાણે માણસ લગાડેલા પ્રતિનિધિના હાથથી કાયદો થાય છે, તે એકંદર સમાજના મતથીજ શું થતો નથી. જે જગાએ એકસત્તાત્મક અથવા બહુસત્તાત્મક રાજ્ય હોય છે તે જગાએ સમાજ રાજાએ અથવા મંત્રીમંડળે કર્યો છે એવું કહી શકાતું નથી. કારણ જે વરિષ્ટ વર્ગ પોતાના હાથમાં બધી સત્તા લેછે તે વર્ગનું અસ્તિત્વ એકંદર સમાજની ઇચ્છા ઉપર અવલંબીને હોય છે. જો સર્વ સમાજ તે વર્ગની આજ્ઞા નહિ પાળે, તો તે વર્ગને એક દહાડો પણ પોતાની સત્તા ચલાવી શકાશે નહિ. તે વર્ગનું અસ્તિત્વ જો લોકમતના ઉપર અવલંબીને હોય તો જે વર્ગે સમાજમાં કરેલા ફેરફારને માટે સમાજમતનોજ પરિણામ છે. એક સત્તાત્મક રાજ્યને પણ આ બીના લાગુ પડે છે. એક સત્તાત્મક રાજપદ્ધતિમાં જેવા માણસ હોય છે તે પ્રમાણે રાજા પણ હોવો જોઇએ. એકાદો રાજા બળવાન થઇને લોક મતને નહિ ગણકારે અને સમાજની રચનામાં ગમે તેવો ફેરફાર કરે, તો થોડા કાળમાં તે ફેરફારનું મૂળ સ્વરૂપ નાશ પામીને તે લોકની ઇચ્છાનુરૂપ બને છે. કોઈ કોઇ વખત સત્તાધીશ રાજાએ કીધેલા

કેટલાક કાયદાઓ અમલમાં આવે છે ખરા, પરંતુ તે સમાજની સ્થિતિને તથા મતને અનુકૂળ હોય છે તેથીજ આવે છે. તેના શિવાય રાજા પણ લોકમતને તથા જનરૂઢીને પકડીને ચાલે છે. તેથી તેને પકડેલી પદ્ધતિ લોકોના ઇચ્છાનુરૂપી ફળ છે. કારણ કે તેમ નહિ હોય તો જ તે પદ્ધતિ તરત જ લય થાય છે. ક્રામવેલે ઇગ્લંડની સમાજને એકજાતથી ચલાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે મરણ પામવા પછી જે સંસ્થા તેને બંધ કરી હતી તે પાછી જલદીથી ઉદયમાં આવી. તેને કરેલા પ્રયત્નથી લોકસ્થિતિ તથા જનમત અનુકુલ નહોતા, તેથી તેના મનમાં આણેલો હેતુ તે સિદ્ધિમાં લાવી શકયો નહિ. ક્રામવેલના જેવા બળવાન રાજા સમાજ ઘટનાનો સ્ત્રોત કદાચિત થોડો વખત થોભાવી રાખશે અ- થવા તેનો વેગ થશે, પરંતુ તે સ્ત્રોતને નિરંતર ચલાવવાનું સામર્થ્ય તેને કદી પણ આવશે નહિ કારણ કે તે સ્ત્રોત પોતાની શકિતથી બહાર હોય છે.

કેટલાક માણસોનું એવું બોલવું છે કે, સમાજનો ઇતિહાસ એ તે- માંના મોટા મોટા માણસનો ઇતિહાસ છે. તથા તે માણસ જેમ સમા- જને ચલાના ઇચ્છે છે તેમ સમાજ ચાલે છે. પરંતુ સમાજમાં જે મોટા બુદ્ધિમાન્ તથા સમર્થ માણસો નિર્માણ થાય છે તે તે સમાજનું ફળ હોય છે એવું બોલનારાના લક્ષમાં આવતું નથી. એવા મોટા મા- ણસ પૂર્વ પરંપરા હોય છે, તેનો જે સ્વભાવ ધર્મ તે એકંદર સમા- જનો લગભગ સ્વભાવ ધર્મ હોય છે; એવું નહિ હોય તો તેના મતમાં ચલાવવાનું ધોરણ તથા તેના ઉપર થયલા સંસ્કાર કદી થનાર નથી. જન્મની પહેલા તથા પછી તેનાં મનમાં સમાજનું વલણ હોય છે. તે- નામાં જે માબાપના સ્વભાવ ધર્મ ઉપજે છે તે ધર્મ માબાપના મન ઉપર સમાજને લીધે જ થયલા હોય છે. તેથી મોટા માણસો જો સ- માજમાં કોઈ વેળાએ એકાદી પદ્ધતિ લગાડે, તો તે પરંપરાથી સમાજ- માં આપણને લગાડી મૂકે છે, મોટા તથા સમર્થ પુરૂષોએ સમાજમાં તે લગાડેલી હોય છે એવું નથી. સારાંશ કોઇ પણ જાતની સમાજ

લીધી, તો તે બનાવટી હોતી નથી. તેને રાજાજ્ઞાતાથી અથવા કાયદાથી બનાવી શકાતી નથી, તથા સમાજમાં મોટા માણસો ઉત્પન્ન થાય છે તેનાથી પણ એકાદો રસ્તો અપાવી શકાતો નથી. જે નિયમથી મનુષ્યાદિ પ્રાણીઓ બન્યા છે તે નિયમથી સમાજ ઘટના થાય છે. સમાજની ઉત્પત્તિ, વધવું વગેરે બાબત પ્રાણીની ઉત્પત્તિ, વધવું, વ્યાપાર વગેરે ચમત્કારના જેવા છે.

સમાજની જોડે પ્રાણીઓનું સરખાપણું એટલું બધું બરાબર છે કે સમાજ આ એક પ્રાણી જ છે એવું કહેવામાં આવે તો ચાલે. આ કહેવું પહેલીવારે જોતાં મોટું નવાઈ જેવું લાગશે, પરંતુ વિચાર કર્યા પછી તેવું જણાવવાનું કારણ જણાશે નહિ. સમાજ એ એક પ્રાણી છે એવું દેખાડવાની પહેલાં એટલું કહેવું જરૂરનું જણાય છે કે, ઉપર જે સમાજનું વર્ણન કરવામાં આવ્યું છે તે ઉન્નત અવસ્થામાં આવેલી સમાજનું છે. પરંતુ પૃથ્વીની ઉપર કેટલીક તદન બાલ્યાવસ્થામાં, કેટલીક તેનાથી સુધરેલી તથા કેટલીક હાલના મનુના પ્રમાણમાં સારી ઉત્કર્ષ થયલી જૂદી જૂદી યોગ્યતાવાળી સમાજો જોવામાં આવે છે. ઇંગ્લાંડની લોકસમાજ, હિંદુસ્થાનની લોકસમાજ, આફ્રિકાની હબસી લોકની સમાજ તથા તેના કરતાં પણ કનિષ્ટ જંગલી લોકોની સમાજ, એવી જૂદી જૂદી સમાજો જોવામાં આવે છે. પરંતુ આ પુસ્તકમાં સમાજનો શાસ્ત્રોક્ત વિચાર કરવાનો છે તેથી સમાજ શબ્દમાં બધી પદ્ધતિની સમાજનો સમાવેશ કર્યો છે એવું વાંચનારે મનમાં રાખ્યાથી નીચલા વિચારો તેને સારી પેઠે જણાશે.

સમાજની જોડે પ્રાણીનું જે બાબતનું સરખાપણું દીઠામાં આવે છે તે આ પ્રમાણે છે.

૧ કેટલાક પ્રાણીઓ મરે છે ત્યાં સુધી તથા કેટલાક તેની હૈયાતીના કેટલાક કાળ સુધી વધે છે. માણસનો ગર્ભ પહેલા તદન બારીક હોય છે, તે કાળથી હજારો દરજે વધે છે. તેમ સમાજ પણ ક્રા-

ટાકૂટ અથવા પરચક્ર લઇને નાશ થતા સુધી વધતો જાય છે.

૨ જેમ જેમ પ્રાણી પિંડથી વધે છે, તેમ તેમ તેની એક-સરખી તથા સાદી પિંડ રચના હોય છે તે પણ વધીને મજબુત તથા મિશ્ર થાય છે. માણસનો ગર્ભ પહેલા એક સાદો માંસપિંડ હોય છે. તે વધ્યો એટલે તેના હાથ પગ વગેરે જૂદા જૂદા અવયવ તથા ઇંદ્રિયો ઉત્પન્ન થઇને પિંડની રચના વધે છે તથા બિકટ થાય છે. સમાજનો એવો જ ધર્મ છે. પહેલા સમાજમાંના વ્યક્તિનું ઘણું જ જૂદાપણું હોય છે, જેમ જેમ સમાજ વધે છે, તેમ તેમ વ્યક્તિના ઉદ્યોગ વ્યવહારના સંબંધમાં જૂદાપણું આવે છે. તેના જૂદા જૂદા વર્ગ તથા પેટાવર્ગ થઇને સમાજ રચના વિશેષ ગુંચવાડા ભરેલી બને છે.

૩ પ્રાણીઓના પિંડની રચના વધીને જૂદા જૂદા અવયવ તથા ઇન્દ્રિયો થઈ એટલે જૂદા જૂદા અવયવ તથા ઇન્દ્રિયો જૂદા જૂદા વ્યાપારો કરે છે. માણસના ગર્ભનું વધતું થઇને હાથ પગ આંખ વગેરે અવયવની તથા ઇન્દ્રિયની ઘટના પૂર્ણ થઈ એટલે તે જૂદા જૂદા વ્યાપાર કરવા માંડે છે. આંખ જોવાનું, પગ ચાલવાનું, તથા કાન સાંભળવાનું કામ કરવા માંડે છે. તેમજ સમાજમાં પણ સત્તા ચલાવનારા, ઉત્પન્ન કરનારા વગેરે જૂદા જૂદા વર્ગ તથા પેટાભાગ ઉત્પન્ન થઇને તે જૂદા જૂદા ઉદ્યોગ ધંધા તથા વ્યાપાર કરે છે.

૫ પ્રાણીઓના અવયવો જૂદા જૂદા વ્યાપારો કરે છે એટલું જ નહિ પણ તે જૂદા જૂદા વ્યાપારમાં એવો કંઈ પરસ્પર સંબંધ ઉત્પન્ન થાય છે કે તે એકમેકના ઉપર ઘણા જ અવલંબીને રહે છે. કનિષ્ટ વર્ગમાંનો પ્રાણી એક માંસપિંડ હોઇને તે એકજ પિંડ પચનનો, શ્વાસોચ્છ્વાસનો, હલવા ચાલવાનો વગેરે સર્વ વ્યાપાર એક જ અવયવથી કરે છે. તેનાથી ઉપરની જાતના પ્રાણીમાં હાલચાલ કરવાનો અથવા ખોરાક ધરવાને માટે હાથ પગ હોય છે. તેને પોષકરસ તૈયાર કરીને પહોચાડવાનું કામ બીજી ઇન્દ્રિયો કરે છે, તે પ્રાણીના હાથ પગ, હોજરી

વગેરે અવયવ જૂદાં જૂદાં કામો કરે છે એટલું જ નહિ પણ તે એક-મેકના ઉપર એવી રીતે અવલંબીને રહે છે કે, હાથ પગથી પોતાનાં કામ કર્યા નહિ અથવા હોજરીથી પોષકરસ તૈયાર કર્યો નહિ તે છતાં બધાના કામ બંધ થઇને એકંદર પ્રાણીની જીવહાનિ થાય છે. તે પ્રમાણે કનિષ્ઠ પ્રતીની સમાજમાં જે થોડા માણસો હોય છે તે બધા માણસો પોતે જ બધા કામ કરે છે. એવી સમાજમાં બધા પુરૂષ લઢવૈયા, શીકારી, ઝુંપડી બાંધનાર તથા હથિયાર બનાવનારા હોય છે. જેની જરૂર છે તે ઉત્પન્ન કરવા, તૈયાર કરવા વગેરે બધા કામ પ્રત્યેક માણસ કરે છે. ચઢતી પંક્તિની સમાજમાં જૂદા જૂદા વર્ગ ઉત્પન્ન થઇને, એક વર્ગ ઉત્પન્ન કરે છે, બીજો ઉત્પન્ન થયલી વસ્તુને વેચે છે, તથા ત્રીજો પર શત્રુની જોડે લઢાઈ કરે છે. આવી રીતે સમાજ વ્યવહારમાં શ્રમ વિભાગ થયા છે, એટલે જૂદા જૂદા વર્ગનું અસ્તિત્વ બીજા બધા વર્ગો ઉપર અવલંબીને રહે છે. માણસનું ગળું દબાવીને તેનો શ્વાસ બંધ કર્યો હોય, તો ફેફસાનું કામ બંધ પડે છે. હોજરીએ પોતાનું કામ નહિ કર્યું તો બીજા અવયવ નિર્જીવ થાય છે. આંખ નાશ પામ્યાથી બીજી ઇન્દ્રિયોની ખામી પડે છે. તેમજ સમાજમાંના વર્ગોએ પોતપોતાના કામો નહિ કરે તો સમાજને હાનિ થાય છે. ખેડુતે અનાજ પકવ્યું નહિ તો બીજા વર્ગોનું પોષણ થતું નથી તથા તેનો વ્યાપાર પણ બંધ થાય છે. આ વિચાર બીજા બધા વર્ગમાં પરિપૂર્ણ રીતે લાગુ પડે છે.

૫ જીવ વર્ગમાં એવા કેટલાક પ્રાણીઓ છે કે, તે ઘણાક સૂક્ષ્મ જીવ એકત્ર થઇને બનેલા હોય છે. તેનું ઉત્તમ ઉદાહરણ જેને અંગ્રેજીમાં "સ્પંજ" કહે છે તે છે. મનુષ્ય પ્રાણીને લેવામાં આવે તો તેને પણ ઉપરનું કહેવું લાગુ પડવા જેવું છે. કારણ માણસના લોહીને સારી રીતે તપાસીને જોયું હોય તો તેમાં જ્યાં ત્યાં ફરનારા જે રક્તપિંડ જોવામાં આવે છે તે સજીવ છે એવું જણાય છે. તેમના સફેદ ગોળ પિંડ કેટલી વખતે લાલ રક્તકોશને ખાય છે. ફેફસાની અંદર ચામડી

પણ આવી જ રીતના જીવથી થયલી છે. એવા સૂક્ષ્મ પ્રાણીઓને આપણે ઘટક જીવ તથા જીવનબીજ આ નામ આપીએ, સારાંશ જે આપણે મૂર્તિમંત એક પ્રાણી જણાય છે તે ઘણાક સૂક્ષ્મ પ્રાણીથી અથવા ઘટક જીવના રાષ્ટ્ર જ છે એવું કહીએ તો ચાલે. તેવી જ સમાજ અનેક વ્યક્તિનું એક રાજ્ય છે, એ વિષય વધારે કહેવાની જરૂર નથી.

૬ પ્રાણી એકાદી વખત આપઘાતથી નાશ થયો હોય તો ઘટક જીવનો અથવા જીવન ધાતુનો એકદમ નાશ થતો નથી, તથા પ્રાણી આપઘાતથી મરણ પામ્યો નહિ હોય તો ઘટક જીવના કરતાં વધારે વખત જીવે છે. જેનું લોહી થંડુ છે એવા દેડકાનું માથું કાપ્યું હોય તો તેના ઘટક જીવ પછીથી જીવતા રહે છે. સ્નાયુ તથા ફેફસુ પણ પોતાના કામો તેના પછી પણ કેટલાક વખત સુધી કરે છે. તેજ પ્રમાણે સમાજ એકાદી આપત્તિથી નાશ પામી તો પણ તેમાંના વ્યક્તિ પછવાડે રહે છે. બધાનો લય થતો નથી. હવે પ્રાણીને કંઈ ઈજા નહિ થાય તો તેના ઘટક જીવના કરતાં તે વધારે કાળ સુધી જીવે છે. આ બાબત માણસના શરીરમાં લોહી માંસની જે વ્યવસ્થા ચાલેલી હોય છે તેના ઉપરથી જણાય છે. આ ચાલથી પળેપળ લાખો ઘટક જીવનોં નાશ થાય છે તે છતાં માણસ ઘણા વર્ષ સુધી જીવે છે. તેમજ સમાજમાંના માણસો જો મરી જાય છે તો પણ તેની જગાએ બીજા ઉત્પન્ન થઇને પછવાડે સમાજ કાયમ રહે છે.

સમાજની જોડે પ્રાણીનું ઉપર લખેલી રીતે છ જાતનું સરખાપણું દેખાડ્યું છે ખરૂં, પરંતુ તેમાં જૂદાપણું છે એવું પણ કહેવામાં આવે છે. તથાપિ તે ભેદ પહેલો જોતાં જેટલો વજનદાર જણાય છે તેટલો વિચાર કર્યાથી લાગતો નથી. પહેલો ભેદ એવો દેખાડવામાં આવે છે કે, જે પ્રાણી અનંત ઘટક જીવથી બનેલો હોય છે તે જોવા જેવો મરેલો હોઇને તેનો કંઈ પણ આકાર હોય છે. તથા તેમાંના સૂક્ષ્મ પ્રાણીઓ એકએકમાં એકાદા દરમ્યાનના બંધનમાં બાંધેલા હોય છે. એ-

ટલે જે સૂક્ષ્મ ઘટક જીવનો એક મોટો પિંડ બને છે તે કોઇ પણ નિર્જીવ પણ સ્નિગ્ધ પદાર્થમાં ભરેલો હોય છે. પરંતુ સમાજના માણસો સ્વતંત્ર હોઇને તે પૃથ્વી ઉપર દૂર દૂર પસરેલા રહેલા છે. આ વાંધાનો જવાબ એવો છે કે, પ્રાણીના બધા પિંડો સૂક્ષ્મ સજીવ પ્રાણીથી બનેલા હોય છે. ચામડીનો નીચેનો થર જે દ્રવ્યનો હોય છે તેના ભીંગડા, નખો, શિંગડા તથા વાળ એવા નિર્જીવ ભાગ પણ બને છે. ત્યારે પ્રાણીના બધા પિંડો સજીવ પ્રાણીથી બનેલા હોતા નથી પણ તેમાં જીવતા, અડધા જીવતા અને નિર્જીવ ભાગ પણ હોય છે. આટલી બાબત લક્ષમાં આવી એટલે સમાજમાં તથા પ્રાણીમાં જે ઉપર ભેદ દેખાડવામાં આવ્યો છે તે જતો રહે છે. જેમ પ્રાણીમાં સજીવ, અડધા જીવતા તથા પૂર્ણ નિર્જીવ ભાગ હોય છે તથા તે બધાની મદદથી પ્રત્યેક ભાગનું પાલણ પોષણ થઇને પ્રાણી જીવતો રહે છે, તેજ પ્રમાણે સજીવ પ્રાણીમાં તેમજ પાળેલા જનાવરનું તથા માણસના વધારેલા નિર્જીવ વનસ્પતિનો સમાવેશ કરવો જોઇએ. કારણ માણસનું તથા સમાજનું પાલણપોષણ તથા હીલચાલ થવામાં આ બધાની મદદ લાગે છે. આથી જ સમાજની પદ્ધતિ તથા સ્વરૂપ પણ બદલાય છે. આ બાબત પૃથ્વી ઉપર કેવળ ખેતીવાડી કરીને રહેનાર સમાજ ઉપરથી સ્પષ્ટ થાય છે. જે વનસ્પતિથી અનાજ મળે છે તથા કારખાનામાં ઉપયોગ થવા જેવો કાચો માલ ઉત્પન્ન થાય છે, તે વનસ્પતિથી સમાજના કેટલાક ધંધા રોજગાર વિવક્ષિત થઇને સમાજનું વિશેષ પ્રકારનું સ્વરૂપ શું આવતું નથી? તેના શિવાય સમાજનો ઉદ્યોગ, માનસિક ધર્મ, દરરોજનો આચાર તથા વિચાર ઘરગુતી જનાવરો તથા વનસ્પતિથી નિયમિત થાય છે. આ જનાવરો તથા આ વનસ્પતિ જનમંડળના માણસોની મદદથી વધે છે તથા મનુષ્ય અર્થાત્ સમાજ પણ મદદ કરે છે. ત્યારે એકંદર મનુષ્ય સમાજમાં જીવતા, અડધા જીવતા તથા નિર્જીવ એવા પણ ભાગ હોઇને લે જે ક્ષેત્ર ઉપર સમાજ વિસ્તારેલી હોય છે તે ક્ષેત્ર ઉપર પસરેલા

હોય છે, તથા તે બધા એકંદર સમાજમાં પકડવા જોઇએ. એવી સમાજની કલ્પના થઈ એટલે પ્રાણીમાં તથા સમાજમાં જે ભેદ દેખાડવામાં આવે છે તે જતો રહે છે અને બેઉમાં સરખાપણું નક્કી થાય છે. જેમ પ્રાણીનો પિંડ સજીવ સૂક્ષ્મ પિંડનો તથા અડધો જીવતો તથા નિર્જીવ દ્રવ્યનો બનેલો હોઇને તે બધાની મદદથી તે પ્રાણી સંલગ્ન ભાગની એક મૂર્તિ બને છે. તે પ્રમાણે સમાજ એ પણ અનેક માણસો, ઘરગુતી જનાવરો તથા નિર્જીવ વનસ્પતિ એ બધાની મદદથી ચાલે છે એવું સ્પષ્ટ થઇને તેનું પ્રાણીની જોડે મળતાપણું નક્કી થાય છે.

ઉપલો વાંધો બીજા એક વિચારથી દૂર કરી શકાય છે. સમાજમાંના માણસો જો મોટા ક્ષેત્ર ઉપર પસરેલા હોય અને તેમાં મેળાપ થવાનો જો એકાદો દેખાય એવો તથા જડ સાધન હોય તો બીજે માર્ગે તેનો એકમેકની જોડે સંબંધ કરીને જૂદા જૂદા વર્ગમાં એકમેકનો સહવાસ થાય છે. તે માર્ગ ભાષાદિ છે. ક્યારે કેટલો તથા શી હાલચાલ અથવા કામ કરવાથી જેમ પ્રત્યેક પ્રાણીના શરીરના પ્રત્યેક ભાગમાં માંસરક્તાદિની લહેરો ઉત્પન્ન થયલી સમજાય છે, તેમજ સમાજમાંના પ્રત્યેક વર્ગમાં તથા માણસના ઉપયોગ માટે શું, ક્યારે તથા કેટલું કરવું એ ભાષા, બુદ્ધિ, તથા વૃત્તિથી જણાવી શકાય છે; ત્યારે સમાજના વ્યક્તિ પ્રાણીના શરીરના ઘટકાવયવના જેવો સંબંધ નથી એવું કહી શકાતું નથી.

હવે જનમંડળનો વધારો શી રીતે થાય છે તે જોઇએ. જનમંડળ પહેલા પ્રાણીના જેવું સૂક્ષ્મ હોય છે. નાની ભટકતી ફરનારી ટોળીમાંથી ભવ્ય સમાજની ઉત્પત્તિ થઇ છે એ નક્કી છે. જીવવર્ગના ઉપર નજર પહોંચ્યાથી એવું સમજાય છે કે, તદન હલકા વર્ગના પ્રાણી એટલા નાના હોય છે કે, તે કેટલા પણ વધે તો પણ તે સૂક્ષ્મદર્શક યંત્ર શિવાય આંખથી જણાતા નથી. તેનાથી ઉપલા વર્ગના પ્રાણીઓ મોટા થાય છે. પરંતુ તેની પીઠની તરફનો કણો છે એવા શ્રેષ્ઠ વર્ગમાંના પ્રાણીમાંથી એક વ્યક્તિના આકાર જેટલો તે કદી

વધતો નથી. આ બીના સમાજને પણ લાગુ પડે છે. હજી સુધી સવ જાતની સમાજની દર્શક સમાજ પૃથ્વી ઉપર પસરેલી જણાય છે. બુડ-વેગ માણસોની સમાજ ફક્ત વર વહુના જોડાની હોય છે, એ જોડા ક્વચિત એકત્ર મળે છે. બુશમેન લોકના કુટુંબો એટલે સમાજ થઇ. ફ્યુજિયન લોકોમાં કોઇ કોઇ વખતે ૧૦-૧૨ તથા કદી ૨૦ માણસોની ટોળી હોય છે. આસ્ટ્રેલિયન ટેસ્મેનિયન તથા અંદમાન બેટમાંના માણસોની વીસથી પચાસ સુધીના માણસોની ટોળી હોય છે. જે જગાની હવા તીવ્ર હોય છે તે જગાએ રહેનાર જ્યુઆંગ લોકની સમાજ તદન નિયમિત સંખ્યાથી બહાર વધતી નથી. જે જગાએ જમીન રસાલ હોવાથી ખેતીવાડી થાય તથા અનાજ વધી શકે છે ત્યાં સમાજ ઘણીજ ફેલાય છે. એવી જગાએ કયાં સો, કયાં બસો, કયાં હજાર, કયાં લાખ માણસો એકઠાં થઇને સમાજ બને છે. પરંતુ સારી ઉંચી પ્રતિની સમાજનો ફેલાવો તો એથી પણ ઘણો જ મોટો છે.

હવે આ ફેલાવો બે રીતે થાય છે. એક માણસથી ઘણા માણસો ઉત્પન્ન થાય છે એ એક પ્રકાર છે. બીજો પ્રકાર જૂદા જૂદા સમૂહ એકઠા થાય છે અથવા એવા એકઠા થયેલા ટોળામાં બીજા એવા જ ટોળા આવીને મળે. એક માણસથી ઘણા માણસો ઉત્પન્ન થઇને સમાજ કેવો વધે છે તે બધાને જણાય એવો છે તેથી તેનું અહિં વર્ણન કરવાની જરૂર જોતા નથી. બીજા પ્રકારના વિષયમાં થોડુંક લંબાણથી કહેવું જોઇએ, જીવ વર્ગમાંના તદન કનિષ્ટ પંક્તિના પ્રાણી સ્વતંત્ર હોય છે એ કહ્યું જ છે. બીજા તથા ત્રીજા વર્ગના પ્રાણીના ઘટકાવયવ જે બીજા જીવ તે કદી સ્વતંત્ર હોય છે એટલે તે પોતાનું પોષણ તથા બીજા વ્યાપાર સ્વતંત્ર રીતિથી કરે છે, તથા કોઇ કોઇ તેનું વ્યક્તિ સ્વાતંત્ર્ય એકંદર મિશ્ર પ્રાણીના વ્યાપારને માટે મર્યાદિત હોય છે. આ ત્રણ વર્ગના પ્રાણીના વધવાની જોડે જૂદી જૂદી સમાજનું વધવાનું ઉત્તમ સરખાપણું છે.

વ્યક્તિનું અગર વર્ગો વર્ગનો મેળાપ થઇને સમાજનું વધતું થાય છે. મૂળ સમાજ કંઇક માણસોની થયેલી હોય છે પરંતુ તે કહેવા જેવો બીજા માણસો સામેલ થઇને વધતી નથી. ફ્યુજિયન બેટની હવા ખરાબ હોવાથી ખોરાકની સામગ્રી નિયમિત હોય છે, તેથી ત્યાં એક જગાએ વીસ પચીસ માણસથી વધારે સમાજ વધી શકતી નથી. અંદમાન લોકોનું રહેવાનું મેદાન એક સાંકડો સમુદ્ર કિનારો છે તથા તેની પછવાડે ઘણું જંગલ હોવાથી રહેલી જગાથી ઘણે દૂર નહિ જતાં આશરે ચાળીસ માણસોને પેટ ભરાય એટલો શીકાર મળે છે, તેને લીધે ત્યાં સમાજનું વધવું ચાલીસથી વધારે નથી. ત્યાં કદાચિત્ એકાદુ કુટુંબ એ સંખ્યાથી વધારે વધી તો તરત તેમાં ટંટો થઇને લઢાઇ ઝગડો થાય છે. જ્યાં જમીન રસાલ છે, ત્યાં જ એવા કારણથી મનુષ્ય સમૂદાયના વિભાગ થાય છે. એક વેળાએ સમૂહ વધ્યો એટલે મોટા ક્ષેત્ર ઉપર વિસ્તારે છે, પરંતુ તેમાંના માણસોને બાંધવાનું જે બંધન છે તે દુર્બલ થાય છે; એક ટોળાની જૂદી જૂદી ટોળીઓ થાય છે અને તેમાં ભાષાનું જુદાપણું થઇને આખરે તેનો થોડો ઘણો સંબંધ હોય તે તુટે છે. જૂદા જાદા ટોળાના બેબનાવથી અગર એવાજ કારણથી તેમાંના કેટલાક નાશ પામે છે. મોટી સમાજ ઉપર કહેલી રીતિએ ઘણા ટોળાના મળવાથી થાય છે. એવી જો મોટી સમાજ બની છે તો પણ તેમાંના જાદા જૂદા ટોળાના સ્વરૂપમાંનું અંતર તદન જતું રહેતું નથી. હાલમાં તેવી જાતની સમાજ ઘટના યુરોપમાં થાય છે. જે જંગલી માણસોની કંઇક ચઢતી થઇ છે તેમાં જરા પણ ઐક્યતા જોવામાં આવે છે. ઉત્તર અમેરિકામાં કોમાન્સી નામની જંગલી લોકોની સમાજમાં કેટલાક તડ છે તથા તે જૂદી જૂદી ટોળીમાં થોડો સંબંધ પણ જોવામાં આવે છે. ડકોટા લોકોના સાત મુખ્ય ટોળા છે તથા દરેક મોટા ટોળામાં બેતાળીસ સુધી પેટા ટોળાં છે. ઇરોકવાસ લોકમાં આઠ ટોળી છે. એ ટોળી તેવું કંઈ કારણ ઉત્પન્ન થાય છે તો જ માત્ર

એકત્ર થાય છે, પરંતુ એ વ્યવસ્થા કાયમ રહેતી નથી. તે લોકોના દરેક ગામ તથા તે નીચલા ટાપુ એક સ્વતંત્ર સંસ્થાન હોય છે, તથા દરેક ગામનો મુખ્ય નાયક તેના ઉપર સત્તા ચલાવે છે. તેમાંથી એકાદો નાયક પરાક્રમી હોય તો બીજાને જીતીને બધા ગામની જોડે પાસેનો સંબંધ પેદા કરે છે. પરંતુ તે પુરૂષના મરવા પછી ફરી તે ગામ સ્વતંત્ર થાય છે. આફ્રિકામાં પણ આવી જ રીતિ નજરે પડે છે. પુષ્કળ ટોળાઓ મળીને અશાન્દી લોકોના સમાજના જેવો મોટો સમાજ બને છે તથા તે કોઇ કોઈ ઘણા દહાડા કાયમ રહે છે. માદગાસ્કર તથા પાલિનિશિયન બેટોમાં આવી નાની ટોળીઓ કેટલોક વખત સુધી સાંભળીને સમાજ થયલી જોવામાં આવે છે. સુધરેલા પ્રાચીન માણસોની સમાજ ઘટનાઓ આવી જ રીતથી થયલી છે. ઉપર કહ્યા પ્રમાણે ટોળાનો સંયોગ થઇને એકાદી સમાજ થઇ તથા તે સંયોગનું સ્થિરપણું થયાથી તેના યોગે ક્રમથી બહુમિશ્ર સમાજ થાય છે. તેના ઉદાહરણો ઇતિહાસમાં છે. યુરોપની ઉત્તરમાં તેજ પ્રકારે જર્મન લોકોના જૂદા જૂદા ટોળાના સંયોગથી સમાજ બન્યો છે તથા તે આગળ વધતો ગયો છે. તેમાં જોડું પહેલા ઘણું બંધન નહોતું. તે છતાં કાળે કરીને તેમાં ઐકતા થઇ. આવો પ્રકાર ગ્રીસ, રોમ, ઇજિપ્ટ વગેરે દેશની સમાજ ઘટનામાં જોવામાં આવે છે. જેમ પહેલા જૂદા જૂદા બારીક પ્રાણીઓ મળીને એક મોટો પ્રાણી બનેલો નજરે પડે છે તથા પછી એવા ઘણાક મિશ્ર પ્રાણીના સંયોગથી તેના કરતાં મોટા પ્રાણીની ઘટના થયલી જણાય છે, તેમ સમાજનું વધવું જણાય છે. વધવાના સંબંધમાં પ્રાણી તથા સમાજ આ બેઉમાં વળી એક ચમત્કાર જણાય છે. તદન કનિષ્ટ વર્ગમાંના પ્રાણી જે દ્રવ્યના બનેલા હોય છે તે દ્રવ્યનું પ્રમાણ જોતાં તે પ્રાણીઓની જેટલી જગા રોકવી જોઇએ તેના કરતાં વધારે જગા રોકે છે કારણ કે તે દ્રવ્ય ઘણા જ છેટે છેટે હોય છે. તેમ કનિષ્ટ પ્રતિની સમાજની સંખ્યાના પ્રમાણ નાની હોઇને તે વાજબી

કરતાં નકામા ક્ષેત્ર ઉપર પસરેલી હોય છે. પરંતુ શ્રેષ્ઠ વર્ણમાંનાં પ્રાણીઓના શરીર જો કે મોટા હોય છે પણ તેના શરીરના દ્રવ્ય તથા રચના ગાઢી તથા સંકીર્ણ હોવાને લીધે તે થોડી જગા રોકે છે. તેમ ઊંચ્ચી જાતની સમાજની સંખ્યા મોટી હોય છે, તથાપિ તેને થોડી જગા બસ થાય છે. પૃથ્વી ઉપર જેટલી જગા જંગલી સમાજે ઘેરી છે, તેટલી જ જગામાં ચઢતી જાતની સમાજની સંખ્યા કેટલી મોટી થઈ છે તે જોયાથી જ ઉપરનું કહેવું ખરૂં માલમ પડશે. સારાંશ, કનિષ્ટ તથા શ્રેષ્ઠ પ્રકારની સમાજનું વધવું જોયાથી પ્રાણીની જોડે સરખાપણું જણાય છે. હવે જેમ જેમ પ્રાણી અથવા સમાજ વધે છે તેમ તેમ પ્રાણીના શરીરની તથા સમાજની રચના વધીને તેમાં વિચિત્રપણું આવે છે. કનિષ્ટ વર્ગના પ્રાણીથી લઇને શ્રેષ્ઠ વર્ગના પ્રાણી સુધી જોવામાં આવે તો કનિષ્ટ વર્ગના પ્રાણીઓ તદન બારીક હોય છે, ઉપલી પંક્તિના પ્રાણીઓ મોટા હોય છે; તથા કનિષ્ટ વર્ગના પ્રાણીઓ તો શરીરમાં ઘણા જ ભવ્ય હોય છે તે પહેલાં કહ્યું છે. આ બધા પ્રાણીઓમાં બીજો એક તફાવત દીઠામાં આવે છે. કનિષ્ટ વર્ગના સૂક્ષ્મ પ્રાણીની રચના સાદી હોય છે તથા જેમ જેમ ઉપર જતા જઇએ તેમ તેમ પ્રાણીની રચના બિકટ થતી જાય છે તથા શ્રેષ્ઠ વર્ણના પ્રાણી જે માણસ છે તેના શરીરની રચના તો એટલી ગુંચવાડા ભરેલી તથા મિશ્ર હોય છે કે તે જોઇને મન ચકીત થાય છે. કારણ મોટા પિંડના જીવ નિર્વેધ રહેવા માટે તેની રચના પણ નાના પ્રકારની હોવી જોઇએ. તેના જેવો સમાજ ઘટનાનો ચમત્કાર દીઠામાં આવે છે. દક્ષિણ અમેરિકાના કાયાગ્યુઆસ લોકો કદી એકઠા રહેતા નથી, તે લોકોના દરેક કુટંબ એકમેકથી દૂર રહે છે તથા તેની વચ્ચે અરસપરસનો સંબંધ બીલકુલ હોતો નથી. જ્યાં તેના થોડા કુટુંબો એકત્ર જોવામાં આવે છે, ત્યાં પણ તેવો સંબંધ જોવામાં આવતો નથી. ઇસ્કિવમો, આસ્ટ્રેલિયન, તથા ફયુજિયન લોકોની કનિષ્ટ સમાજમાં સત્તા ચલાવનાર મુખ્ય કોઈ હોતો નથી. ઉપલી સમાજમાં વ્યક્તિ ઉપર

કોઇનો હુકમ ચાલતો નથી એવું કહેવામાં આવે તો ખોટું નથી. પરંતુ જે સમાજમાં વધારે માણસ હોય છે તે સમાજને બરાબર રાખવા માટે મુખ્ય મનુષ્ય હોય છે; તથા જેમ જેમ સમાજ વધે છે તેમ તેમ કોઇ પણ અધિકાર ચલાવનાર ઉત્પન્ન થઇને બીજા માણસ તેના તાબામાં રહે છે. એટલે તે સમાજની રચનામાં સેવ્ય તથા સેવક આવા બે વર્ગ પહેલાં જોવામાં આવે છે. પછી થોડા કાળમાં બીજી રચના ઉત્પન્ન થાય છે. સમાજમાંનો પુરૂષ બળવાન હોવાથી તેના ઉપર સમાજના યુદ્ધાદિ કરીને રક્ષણ કરવાનું કામ કરવું પડે છે, તથા તેની સ્ત્રીઓને પણ કષ્ટ વેઠવું પડે છે. કોઇ કોઇ વખતે એવી સમાજને બીજા સમાજની સાથે લઢવું પડે છે તથા તેને યશ મળ્યો તો હાથમાં સપડાયલા શત્રુઓ સમાજના દાસ બને છે, તથા એકંદર સમાજના વધવામાં ભાર થાય છે. સમાજમાં એવા ગુલામો સામેલ થયાથી સમાજને પોષણ કરનાર વર્ગ વધે છે. કારણકે ઘણું કરીને પોષણ કરવાનું કામ દાસના ઉપર સોંપવામાં આવે છે. આવી રીતે જૂદા જૂદા માણસોના સમૂહ એકત્ર થઇને મિશ્ર સમાજ બની તેથી તેના જૂદા જૂદા ભાગમાં એના કરતાં વિશેષ વૈચિત્ર્ય આવે છે. જૂદી જૂદી મિશ્ર સમાજ એકઠી થયાથી બહુ મિશ્ર સમાજ ઉપર એક મુખ્ય નાયક હોય છે તથા બાકીની જૂદી જૂદી મિશ્ર સમાજના નાયક તેના હાથ નીચેના નાયક થાય છે. આવી સમાજ રચના કદી કદી શત્રુથી પોતાનો બચાવ કરવા માટે તથા કોઈ કોઈ વખત લઢાઇમાં એકે બીજી ઉપર હુમલો કર્યાથી થાય છે. પછી એવી મિશ્ર સમાજ એકત્ર થઇને બહુ મિશ્ર સમાજ ઉત્પન્ન થઇ તે કાયમ થાય છે. તેથી એક પ્રકારની રાજ્યાધિકાર ચલાવનારી સંસ્થા ઉત્પન્ન થાય છે. તેમાં રાજા, સરદાર, નાના સરદાર, શિપાઇ, ભિક્ષુક, દાસ વગેરે વર્ગ ઉત્પન્ન થાય છે. અર્થાત્ સમાજના વધવાની સાથે તેની અંદર બહારની રચના વધીને તે મિશ્ર થાય છે. આવી સમાજમાં જૂદા જૂદા ભાગ અથવા વર્ગ ઉત્પન્ન થયા તેથી

આગળ જતાં તેના જૂદા જૂદા ભાગમાં અથવા વર્ગમાં ઘણા જૂદા જૂદા પેટા ભાગ અથવા પેટા વર્ગ નિર્માણ થઇને તેની રચના ઘણી જ બિકટ થાય છે. આ બાબત હાલની સારી ઉન્નત અવસ્થામાં આવેલી સમાજ તરફ જોયાથી વાંચનારને સહેલાઇથી સમજાશે. સમાજના વધવાની જોડે તેની રચનામાં જેવું વૈચિત્ર્ય ઉત્પન્ન થાય છે તેવા વર્ગ જૂદા જૂદા વ્યાપાર તથા કામો કરવા માંડે છે, તથા તેનો એકમેકની જોડે એવો પાસેનો સંબંધ ઉત્પન્ન થાય છે કે એક વર્ગે પોતાનો વિવક્ષિત વ્યાપાર કર્યો નહિ તો બીજા વર્ગનો વ્યાપાર બંધ થાય છે. કનિષ્ઠ વર્ગના પ્રાણીના સૂક્ષ્મ પિંડ બધા કામો કરે છે, તેમજ કનિષ્ઠ પંક્તિની સમાજના દરેક માણસ બધા જરૂરના કામો સ્વતંત્ર રીતે કરે છે. તેજ પોતાની ઝુંપડી બાંધે છે, શીકાર કરે છે, હથિયાર બનાવે છે તથા પોતાનું રક્ષણ કરે છે. તે બીજાની મદદ લેતો નથી. પરંતુ માણસના જેવા શ્રેષ્ઠ વર્ગના પ્રાણીની જૂદી જૂદી ઇન્દ્રિયો તથા અવયવ છે તેથી દરેક ઇન્દ્રિય તથા અવયવ એક એક કામ કરે છે, તથા એ બધી ઇંદ્રિનો તથા તેના વ્યાપારનો એક બીજાની જોડેનો એવો સંબંધી હોય છે કે, બધા પોતપોતાનું કામ કરે નહિ તો તે પ્રાણી જીવતો રહેતો નથી. ઉદાહરણને માટે સીનવાળા પ્રાણીના બે ભાગ કર્યા તો તરત તે મરણ પામે છે. સર્પના જેવા પીઠ ઉપર લપસનારા પ્રાણીની પૂછડી કાપી નાખીએ તો એક વેળા જીવતા રહેશે, પરંતુ તેના બે ભાગ કર્યા તો મરણ પામશે. તેજ પ્રમાણે શ્રેષ્ઠ પંક્તિના સમાજની ફાટફૂટ થઈ તો તે નાશ થવાનો સંભવ હોય છે. લિવરપુલ આ રૂ આવવાનું મોટું બંદર છે, તે સમજો કે કાલે નાશ થયું, તો બધા કાપડના તથા સુતરના કારખાનાઓ બંધ થશે, તથા તેમાં કામ કરનારા બધા મજુરોને ભૂખથી મરવું પડશે. ખાણમાંથી કોયલા કાઢનાર વર્ગ તથા ધાતુ પીગળાવીને માલ તૈયાર કરનારામાં ફાટફૂટ થઇ, તો એઉ વર્ગ નાશ પામશે. તાત્પર્ય કનિષ્ટ વર્ગમાંના પ્રાણીઓના કરતાં શ્રેષ્ઠ વર્ગના

પ્રાણીના શરીરમાં નાના પ્રકારની મિશ્ર રચના હોઇને પ્રત્યેક અવયવે પોતાનું કામ કર્યું નહિ તો બીજા અવયવનો વ્યાપાર ચાલતો નથી, તથા એકંદર પ્રાણીના જીવમાં ધક્કો પહોંચે છે. તે જ પ્રમાણે શ્રેષ્ઠ સમાજમાં પણ ચમત્કાર જોવામાં આવે છે. એકાદો મુકરર ધંધો કરનાર વર્ગ પોતાનું કામ કરે નહિ તો બીજા ધંધા બેસી જશે તથા એકંદર સમાજની હાનિ થશે. ઉપર જે સિદ્ધાન્ત કાઢ્યો છે તેના ઉપરથી બીજો એક ઉપસિદ્ધાંત નીકળે છે. પોલિપ પ્રાણીમાં એક ચામડીની કોથળી હોય છે. આ કોથળીનો બહારનો ભાગ અંદરનો તથા અંતરંગ બહાર કર્યો, તો બેઉ અંગો એકમેકનો વ્યાપાર કરવા માંડે છે, તેમજ જે કનિષ્ટ સમાજના માણસોમાં સરખાપણું હોય છે, તે સમાજમાં જોઇએ તે બીજો ધંધો કરી શકે છે. જે સમાજમાંના માણસમાં થોડું જૂદાપણું હોય છે ત્યાં આવોજ પ્રકાર થાય છે. ઉદાહરણને માટે, કનિષ્ટ પંક્તિની સમાજમાંના એકાદા માણસને ઉત્તમ હથિયારો કરવાની કૌશળ આવડે છે, તો તે ફક્ત હથિયાર બનાવીને પોતાને જરૂર પડતી વસ્તુને બદલે તે બીજાને આપશે; પરંતુ એ કારીગર મરણ પામ્યો, તો બીજા માણસ તેના જેવા નહિ પણ ઉપયોગમાં આવવા જેવા હથિયારો તૈયાર કરશે; પરંતુ ચઢતી પંક્તિની સમાજમાંના ઉદ્યોગની અદલાબદલી થઈ શકતી નથી. વિલાયતમાં લોઢાની વસ્તુઓ કરનારાઓ, ખેતરોમાં પાક ઉત્પન્ન કરનારાઓ વગેરે માણસોએ પોતપોતાના કામ કરવાને ના પાડ્યું તો તેના કામો બીજા કારખાનામાંના મજુરો કરશે નહિ; પછી ન્યાયાધિશનું તથા કાયદા કરનારનું કામ પણ તેના હાથથી મુદ્દલે થશે નહિ. કારણ કે, પ્રાણીમાં કે સમાજમાં, જે અવયવ એકજ કામ કરે છે, તે તે કરવામાં જેવો હોશિયાર હોય છે તેવો બીજા કામ કરવામાં અપાત્ર થાય છે. ઉપર જે પ્રાણીના તથા સમાજના જૂદા જૂદા ભાગના વ્યાપારમાં સરખાપણું દેખાડ્યું છે તેના ઉપરથી બીજો એક સિદ્ધાંત નીકળે છે. પ્રાણીઓમાં તથા સમાજમાં જ્યાં સુધી જૂદા જૂદા અવયવોનો વ્યા-

પાર નિયમિત મુકરરર થયલા નથી, ત્યાં સુધી તે યથાસ્થિતિથી થતા નથી, અને તેથી જ આવા પ્રાણીનું અથવા સમાજનું સામર્થ્ય તથા જીવ શક્તિ થોડી હોય છે. પરંતુ માણસના જેવા ઉચ્ચી જાતના પ્રાણીઓનો તથા સમાજોનો ભાગ નિયમિત કામો કરે છે; તેથી તે જેવી જોઇએ તેવી થાય છે, તથા તેનું સામર્થ્ય તથા શક્તિ પણ વધારે હોય છે. હવે પ્રાણીઓની શરીર રચનામાંના સમાજની રચનામાંના એક ભાગનું એક જ ધારેલું કામ કરવાનું શી રીતે થાય છે તે દેખાડવું જોઇએ.

સમાજેન્દ્રિય.

કનિષ્ટ પંક્તિના "સીલન્ટરેટ" પ્રાણીના શરીર કહેતાં એક ચામડીની કોથળી છે. તે કોથળીના બહારના ભાગનો સંબંધ આસપાસની હવા, પાણી, ખોરાક તથા શત્રુની જોડે હોય છે તથા તેના અંદરનો ભાગ પચનક્રિયા કરે છે. બહારની બાજુના ભાગથી ખાવાનો તથા શત્રુથી બચાવ કરનાર તંતુ ઉત્પન્ન થાય છે. ઉચ્ચી જાતના 'સીલન્ટરેટ' પ્રાણીની રચના મોટી કોથળીમાં નાની કોથલી નાખવા જેવી હોય છે. તેમાંની કોથળીની ખાલી જગા એ તેનો કોઠો છે તથા બે કોથળીની બાજુમાં જે ખાલી જગા હોય છે તેમાં અન્નરસ એકઠો થાય છે. કનિષ્ટ પંક્તિની સમાજમાં પહેલા આવી જ બે ઇન્દ્રિયો હોય છે. આવી સમાજમાં ધનવાન અને દાસ આવા બે વર્ગ ઉત્પન્ન થાય છે. ધનવાન આ બહારના વ્યાપાર એટલે રક્ષણાદિ ક્રિયા કરે છે. સમાજનું પોષણ એટલે અનાજ પેદા કરવું, શીકાર કરવો, વગેરે કામ દાસ કરે છે. કોઈ કોઇ એવી સમાજ ફક્ત શીકાર ઉપર નિર્વાહ કરીને રહે છે. તે વેળાએ શીકાર કરનાર દાસને ઘણી મદદ આપે છે ખરો, પરંતુ એવી સમાજમાં જેમ જેમ ખેતીવાડી વધતી જાય છે, તેમ તેમ ખેતીનું બધું કામ દાસ અથવા સેવક કરે છે તથા ધણીઓ ફક્ત તેના ઉપર

તપાસ રાખીને સમાજ ઉપર સત્તા ચલાવે છે તથા તેનું રક્ષણ કરવું આ બહારના કામો તે પોતે કરે છે. આવી બાલ્યાવસ્થામાંની સમાજમાંના બે વર્ગમાં પછીથી પેટાવર્ગ ઉત્પન્ન થાય છે. તથા આવી સાદી સમાજ રચના નાના વ્યક્તિ સમૂહમાં પૂરી થાય છે. પરંતુ અનેક વ્યક્તિ સમુદાય એકત્ર થઇને જ્યારે એના કરતાં મોટી સમાજ બને છે, ત્યારે તેનું બળ તથા રાજ્ય પદ્ધતિ પણ વધે છે, તથા તેની જોડે ઉદ્યોગ ધંધા કરનારનો વર્ગ ઉદય પામે છે. શ્રેષ્ઠ અર્થાત્ સત્તા ચલાવનારા પ્રધાન વર્ગમાં ગૌણવર્ગ ઉત્પન્ન થઇને તેના અનુયાયીનો એક પેટાવર્ગ બને છે. રાજા, તેના સગાંવહાલાં, તેના નીચેના સરદારો, પ્રજા તથા દાસ એવા વર્ગ કેટલાક નિગ્રો લોક સમાજમાં હાલમાં પણ દીઠામાં આવે છે. આ વર્ગમાંના પહેલા ત્રણ વર્ગ તથા તેના અનુયાયી આખી સમાજની વ્યવસ્થા જુએ છે. છેલ્લા બે વર્ગ તેના પોષણના કામ કરે છે. સત્તાધીશ વર્ગ તથા પોષણક્રિયા કરનાર વર્ગ એ તદ્દન એકમેકની પાસે હોવાને લીધે, તે બેઉમાં એકમેકનું પોષણ થવાને ત્રીજા વચલા વર્ગની જરૂર પડતી નથી. સેવકે અનાજ પકાવીને પોતાના શેઠને આપવું, એટલી જ વ્યવસ્થા આવી નાની તથા કનિષ્ટ સમાજને પૂરી થાય છે; પરંતુ એવી અનેક નાની સમાજ સામેલ થઇને ઘણી મોટી સમાજ બન્યાથી વચ્ચલા વર્ગની જરૂરીયાત પેદા થાય છે.

કનિષ્ટ વર્ગના પ્રાણીની શરીર રચનાના બહારના તથા અંદરના ભાગ એટલા જ બે અવયવ હોઇને તેનો વ્યાપાર કહેવામાં આવે તો એકનું પોષક રસ તૈયાર કરવું અને બીજાએ રક્ષણાદિ બહારના વ્યાપાર કરવા એવું આગળ જણાવી ગયા છીએ. પરંતુ ઉપરની જાતવાળા પ્રાણીઓની શરીર રચનામાં ત્રીજો ભાગ ઉત્પન્ન થાય છે. કેટલાક પ્રાણીઓના અંદર તથા બહારના ભાગની વચ્ચમાં ખાલી ભાગ હોય છે તેમાં અન્નરસ આવીને જમાવ થાય છે તથા ત્યાંથી ઘણી જ નસોથી લોહી તથા અન્નરસ જઇને શરીરના બધા ભાગનું પોષણ થાય

છે. ઉપલી પંક્તિના માણુસના જેવા પ્રાણીઓમાં ઉપર કહેલી ખાલી જગામાં ફેફ્સુ હોય છે તથા ત્યાંથી પુષ્કળ લોહીની નસો આખા શરીરમાં પસરીને તેના બધા અવયવનું પોષણુ કરે છે. આ અવયવ એકમેકથી જો કે છેટે હોય છે તથા તેની સંખ્યા ઘણી છે અને રચના વિકટ હોય છે, તો પણુ બધા ભાગમાં પોષક રસ પહોંચાડવાનો ભાગ વિસ્તાર પામે. તેમજ હલકી પંક્તિની સમાજમાં બધા વર્ગોના વિભાગના અન્ન પહોંચાડનારા વ્યાપારી ધંધાદારી મજુરોના વર્ગની વ્યવસ્થા હોઈ શકતી નથી. કારણુ ઉત્પન્ન કરનાર તથા સત્તા ચલાવનારા આ બે વર્ગ તદ્દન પાસે હોવાને લીધે તેનું પોષણુ થવામાં ત્રીજા વર્ગની જરૂર પડતી નથી. સત્તાધીશ ધણીના તાબાના દાસ અન્ન સામગ્રી ઉત્પન્ન કરે છે તથા તેજ તે પોતાના માલેકને આપે છે. કનિષ્ઠ પ્રતિની સમાજમાં દરેક કુટુંબ પોતાના બધા ધંધા કરે છે. તેથી તેને ત્રીજા મધ્યસ્થની જરૂર પડતી નથી. પરંતુ જૂદા જૂદા સમૂહ એકત્ર થઇને સમાજ વિસ્તાર મોટો થયો તથા તેનું સ્થિરપણું આવ્યાથી જૂદા જૂદા ધંધા જૂદી જૂદી જગાએ ઉત્પન્ન થવા માંડે છે; તથા તે વેળાએ એક જગાપરનો માલ બીજી જગાએ લઈ જવા માટે બીજા વર્ગ હળવે હળવે ઉત્પન્ન થાય છે. પહેલા જૂદા જૂદા સ્થળના વચમાં પગ દંડી તથા રસ્તા ઉત્પન્ન થઇને તેમાંથી સ્વતંત્ર ફેરીવાળા તથા વેપારી લઈ લાવ કરવા માંડે છે, તાત્પર્ય પ્રાણી વર્ગમાં તથા સમાજમાં પહેલા બે ભાગ હોય છે. એક પોષણુ કરનાર તથા બીજો પરચક્ર નિવારણુ કરીને પોતાની રક્ષા કરનાર સત્તાધીશ વર્ગ છે. પરંતુ શ્રેષ્ઠ વર્ગના પ્રાણીઓમાં તથા સમાજમાં એ બેઉ વર્ગ વચ્ચે કામ કરનાર ત્રીજો ભાગ ઉત્પન્ન થાય છે. આ ત્રણુ ભાગ જે રીતથી જીવ વર્ગમાં ઉત્પન્ન થાય છે, તેજ રીતિથી સમાજમાં પણુ ઉત્પન્ન થાય છે. સમાજનું પોષણુ પૃથ્વીમાંના ઉત્પન્ન કરેલા અનાજની વસ્તુથી થાય છે. તથા ખનિજ પદાર્થથી ઘર, દરવાજા, હથિયારો તૈયાર થાય છે. આ કાચો માલ ઉત્પન્ન થયા પછી

ઉત્પાદક વર્ગમાંના ઉપલી જાતના માણુસો કારખાના તથા દુકાનો માં-ડે છે અને કાચા માલ જૂદી જૂદી વસ્તુઓ તૈયાર કરીને જેને જેની જરૂર હોય છે તેવા ગ્રહાકને સુલભ કરી આપે છે. આનીજ ક્રિયા પ્રાણી-ઓના શરીરમાં પોષણક્રિયા કરનારી ઇન્દ્રિયના જૂદા જૂદા ભાગ કરે છે. કાચો માલ ઉત્પન્ન કરવાના કારખાના, દુકાનદાર, કારીગર વગેરે સમાજની પોષક ઇન્દ્રિયો છે. પ્રાણીઓનો હોજરીમાંનો પોષકરસ જૂદી જૂદી નસોથી આખા શરીરના ભાગમાં પહોંચે છે; તેમજ ઉપલા કારખાનામાંથી તથા દુકાનમાં ઉપયોગી પડવાવાળો માલ હજારો માણુસો જથા બંધ અગર પરચુરણુ ખરીદે છે તથા વેચે છે તથા તે એક શહેરમાંથી બીજા શહેરમાં, એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં પગ દંડીથી અગર રસ્તેથી પહોંચાડે છે. આ વેપારી, ધંધાદારી વગેરે સમાજમાંના વર્ગ તે સમાજ પિંડની નસો છે. પ્રાણીઓની મજ્જા તથા જ્ઞાનેન્દ્રિયો આખા શરીરને તાબામાં રાખીને તથા તેની હીલચાલને નિયમિત કરીને તેનું રક્ષણુ કરે છે, તેજ પ્રમાણે રાજસત્તા ચલાવનાર વર્ગ સમાજને તાબામાં રાખીને તેનું રક્ષણુ કરે છે, એટલે તે વર્ગ સમાજની જ્ઞાનેંદ્રિય છે, શ્રેષ્ઠ વર્ગના પ્રાણીઓમાં આ ત્રણુ ઇન્દ્રિયો પ્રધાન છે, બાકી બધી તેની પેટા ઇન્દ્રિયો છે. તેમજ ઉત્પાદક, વિભાજક તથા સત્તાધીશ વર્ગ આવી ત્રણુ ઇન્દ્રિયો સમાજને છે એના શિવાય સમાજમાં જે બીજો ચમત્કાર જોવામાં આવે છે તેમાંનો પ્રત્યેક આ ત્રણુમાંના કોઇપણુ એક ઇન્દ્રિયનો પેટા ભાગ હોય છે.

સમાજની પોષક ઇન્દ્રિય.

સમાજને પોષણુ દેનાર કાચો માલ ખેતરમાંથી ઉત્પન્ન કરનારાઓ, ખાણુમાંથી કાઢનારાઓ, તથા તેને સમાજમાં ઉપયોગી કરનારી વસ્તુઓ તૈયાર કરનાર કારખાના વાળા કારીગર, વગેરેનો જે સમાજમાં વર્ગ હોય છે તે સમાજની પોષક ઇન્દ્રિય છે, એવું પહેલા કહ્યું છે. આ

વર્ગમાંના જૂદા જૂદા ભાગનું સ્વરૂપ, વસ્તિ સ્થાનો, અનુક્રમ તથા તેનો ઉદ્યોગ કેવો નક્કી થાય છે, અને પોત પોતાના કામો કરવામાં તે ભાગ કેવો વાકેફગાર થાય છે, એ જોયાથી આ સમાજ પોષક ઇન્દ્રિયનું પ્રાણીની પોષક ઇન્દ્રિયનું સારી રીતનું સરખાપણું નજરે પડે છે. મનુષ્યની પોષક ઇન્દ્રિયો કહેતાં પહેલા મો, પછી ગળુ, ત્યાર પછી હોજરી અને આખરના આંતરડું છે, આવા જૂદા જૂદા ભાગ મળીને થયલી એક નળી છે. પહેલા ખોરાક મોંમાં નાખ્યો એટલે તે મોટા ગાંગડાવાળા તથા જાડો હોવાથી તેનો ભૂકો થવો જોઇએ. તે ભૂકો દાંત કરે છે. પછી ભૂકો થયલો ખોરાક ગળામાંથી હોજરીમાં ઉતરે છે, ત્યાં તેના શરીરને પોષણ થવા યોગ્ય એવો પરિપાક હોજરી કરે છે તથા બાકી રહેલો ખોરાકનો ભાગ આંતરડામાંથી નીકળીને બહાર પડે છે. આ નળીના જૂદા જૂદા ભાગ જૂદી જૂદી રીતે કામ કરે છે, તથા તે કામમાં તે ભાગ પાત્ર એવાજ બનેલા હોય છે. દાંતથી જાડો ખોરાકનો ચુરો કરવો પડે છે તેથી તે સખ્ત બનેલા હોય છે. હોજરીમાં ચુરો કરેલા ખોરાકને પચવા માટે તેને હલાવવા પડે છે તેથી તેનામાં સંકોચ તથા વિકાસ કરવાની શક્તિ ઉત્પન્ન થઈ છે. દાંતનું કામ હોજરીથી અથવા હોજરીનું કામ દાંતથી કરાઈ શકાતું નથી, તથા જે ક્રમથી જાડા તથા ગાંગડાવાળા ખોરાકનું પચતું થવાની પહેલા તેનું રૂપાંતર થવું જોઇએ, તેજ ક્રમથી આ નળીના ભાગની જગા નિયમિત થયલી છે. એજ પ્રમાણે સમાજની પોષક ઇન્દ્રિયોના જૂદા જૂદા ભાગની યોજના તથા વ્યવસ્થા છે. સમાજનું જ પોષણ જે જૂદા જૂદા ઉત્પાદક ઉદ્યોગથી થાય છે. જે ક્ષેત્ર ઉપર સમાજની વસ્તુ થાય છે તેના જૂદા જૂદા ભાગમાં હવા, પાણી, જમીન, પહાડ, વનસ્પતિ તથા ઝાડ જૂદા જૂદા હોવાથી, જૂદી જૂદી જગાએ જૂદા જૂદા ઉદ્યોગના ધંધા થઇને રહે છે. તેના શિવાય જૂદા જૂદા મુકામપર ઉભા કરેલા કારખાનામાંથી જે માલ તૈયાર થાય છે તે માલનો જે બીજા ધંધામાં ઉપયોગ થાય છે તે ધંધા તેની

પાસે જ ઉત્પન્ન થાય છે. હલકીથી લઈને શ્રેષ્ઠ જૂદી જૂદી સમાજનું અવલોકન કર્યાથી ઉદ્યોગની જગા કેવી નિયમિત હોય છે તે સારી રીતે સમજાશે. ફિજી બેટોનો જે સમૂહ છે, તેમાંના દરેક બેટમાં જૂદી જૂદી જાતિનો કાચો માલ તૈયાર થાય છે તેથી તે બેટમાં રહેનારા માણસોના ધંધા પણ જૂદા જ હોય છે. એક બેટમાંના માણસો લાકડાના હથિયારો કરે છે, બીજા બેટના માણસો સાદડી તથા ટોપલી, તથા ત્રીજાના વાસણ તૈયાર કરે છે. ઉદ્યોગ ધંધા જેને અનુકૂલ જગા હોય છે એવી જગાએ ઉત્પન્ન થાય છે, એ વાંચનારને સહેલાઈથી સમજાય એમ છે; તેથી તેનો અહિં વિસ્તાર કરવાની જરૂર નથી. એવા નિયમિત જગાએ નિયમિત ધંધા ઉત્પન્ન થયાથી એક જગાના માણસો હમેશાં એક જ જાતના ઉદ્યોગ કરે છે; તેથી દરરોજ કામ કરવાથી તે ધંધામાં બીજા માણસોના કરતાં વધારે પ્રવીણ થઈને તેના હાથથી સારો માલ તૈયાર થાય છે. સુરતમાં કસબી કિનખાબ, અમદાવાદમાં તાતણનું કામ, પાટણમાં કુંભારનું કામ, પેઠણમાં જરતાર, યેવલામાં રેશમી કાપડ, નાગપુરમાં ધોતિયા, કાશીમાં પીતળના કામ તથા જરી કામ, આગ્રામાં પથ્થરની કારીગરી, કાશ્મીરમાં શાળ, દુશાળા વગેરે પ્રખ્યાત છે. આ દરેક જગાની હવા પાણી તે જગાપર ઉત્પન્ન થનાર માલને અનુકૂલ છે ખરી, પરંતુ ઉત્પન્ન કરનારની કૌશલ્ય જ તે માલ સારો તૈયાર કરવાને કારણભૂત થાય છે. મનુષ્યના શરીરમાંના ખોરાકની પચનક્રિયા કરનારી નળીના મોંમાં જાડો ખોરાકનો સંબંધ આવે છે, તેથી તેને દળવાના દાંતની સ્થાપના થઈ છે, તથા તે દાંત એક જ કામ હમેશાં કરે છે તેથી તે કરવા જેવી તેની રચના થઈને નળીના બીજા ભાગમાંથી તેનું જૂદાપણું પણ આવ્યું છે; તેમજ સમાજની પોષક ઇન્દ્રિયોના જૂદા જૂદા ભાગની જગા કાયમ થઈને પોષણ ક્રિયાને અનુકૂલ રચના પણ થાય છે. અને બધા ભાગ હમેશ હાલચાલ થવાથી પોતપેતાના કામમાં બીજા ભાગના કરતાં વધારે સાવચેત થઈને સમાજ પોષણના કામમાં સુ-

તેલા જૂદા જૂદા ભાગમાં જૂદાપણું ઉત્પન્ન થાય છે. હવે સમાજ પોષણુમાં કામે લાગે એવો માલ ઉત્પન્ન કરનાર વર્ગની વ્યવસ્થા થયા પછી સમાજપિંડના દૂરના ભાગના વિભાગ આપનાર વર્ગની વ્યવસ્થા તથા રચના સમાજની ઉન્નતિની સાથે કેવી થાય છે તેનો વિચાર કરીએ.

પોષક રસ વિભાગ કરનારી ઇન્દ્રિયો.

કનિષ્ઠ વર્ગમાંના પ્રાણીઓમાં પોષક રસ તૈયાર કરનાર તથા રક્ષણુ કરનાર એવા બે અંગો હોય છે. એ બે અંગો પાસે હોવાથી એકમાંથી બીજો, ત્રીજાની વચ્ચમાં મદદ લીધા શિવાય પોતાનું પોષણુ પોતે જ ચૂસી લે છે. તેનાથી ઉપલી જાતિના વર્ગના પ્રાણીઓમાં એ બે ભાગમાં ખાલી જગા હોય છે, તેમાં પોષકરસ એકઠો થાય છે અને ત્યાંથી બીજા ભાગમાં તે પૂરો પડે છે. તેનાથી ઉપલા વર્ગના પ્રાણીના શરીરમાં ઉપર કહેલી ખાલી જગામાં નસો હોય છે. તેના દ્વારા પોષકરસ બધા ભાગમાં પહોંચે છે. માણુસના જેવા શ્રેષ્ઠ પ્રાણીના શરીરમાં તો એવી નસોનો ઘણો વિસ્તાર હોય છે, કનિષ્ટ સમાજ નાની હોઇને ફરતી ફરે છે, તેમાં શ્રમ વિભાગ હોતો નથી તેથી તેઓને આપવા દેવાની જરૂર પડતી નથી, તેના કરતાં ઉપલી સમાજ પૃથ્વીમાં ઘણી જ જગાએ પસરેલી હોય છે, તે વેળાએ જૂદા જૂદા ગામમાં પગદંડા ઉત્પન્ન થાય છે. તે પગદંડી જનાવરના પગલા ઉપરથી નક્કી કરે છે તથા ત્યાર પછી રહાદારીથી વિશેષ મોટી થતી જાય છે. પ્રાણીનું લોહી તથા પોષકરસની નસોનો આરંભ શરીરના એક વચ્ચલા ખાલી ભાગમાં થઇને શરીરના બહારના ઢાંકણુ સુધી તે ફેલાયલું હોય છે. એ ખાલી જગા પહેલા ખુલ્લા મોંની નળી હોય છે, તથા તેનો એક સરખો સંકોચ તથા વિકાસ થવાથી પોષકરસની લહેરો ઉત્પન્ન થઇને એક વખત તે તે નળીના એક મોં નળી બીજી વખતે બીજા મોંમાંથી

અંદર જાય છે. આ ફેફસાનું તદ્દન બાહ્ય સ્વરૂપ છે. આજ નળી પછીથી લાંબી થાય છે તથા તેનાથી બીજો નાનો સંકોચ તથા વિકાસ થનારી નાડી ઉત્પન્ન થઇને તેમાં ઘણા ફાંટા ફુટીને શરીરમાં નસો, નાડી વગેરેની બિકટ રચના ઉત્પન્ન થાય છે. તે પ્રમાણે સમાજ રચનાનો ચમત્કાર બને છે, આફ્રિકા ખંડના પૂર્વ તરફના પ્રદેશમાં રહેનારા જંગલી લોકોના ગામની વચ્ચમાં મેંઢાના રસ્તા જેવા રસ્તા છે. જ્યાં ખેતરો છે ત્યાં જનાવરો તથા મેંઢા ખેતરમાં જાય નહિ તેથી રસ્તાની બેઉ બાજુએ કુંપણ છે. ડાહામે પ્રાંતમાં ઘણું કરીને બધા રસ્તા પગ દંડી છે. પરંતુ જે રસ્તાઓ સમુદ્રકિનારા સુધી પહોંચે છે, તેટલાં ગાડી જાય એટલા મોટા છે. તે પ્રાંતના બે રાજધાનીની વચ્ચમાં જે ત્રણ સાડાત્રણ કોસ લાંબો રસ્તો છે તે ઘણો પહોળો રસ્તો છે, અશાન્ટી નામના લોકોની રાજધાનીમાંથી આઠ રસ્તા નીકળીને તે પ્રાંતના છેટના ભાગમાં ગયા છે. આપણા દેશમાં મોટા મોટા રસ્તા બાંધવાની અંગ્રેજ સરકારે સરૂઆત કરવાની પહેલાં કેવી વ્યવસ્થા હતી તે જોયાથી આજ વાત સિદ્ધ થાય છે. જેમ જેમ સમાજ વધીને અથવા તેની ચઢતી થતી જાય છે તથા તેના જૂદા જૂદા ભાગની વચ્ચે જવા આવવાનું વધે છે, તેમ તેમ દેશમાં રસ્તાઓ વધે છે તથા તેમાં સુધારો વધારો થાય છે. તેજ સમાજ સારી સ્થિતિએ આવે છે ત્યારે માણસનો વ્યવહાર સારી રીતે ચાલે તેથી રેલવેના જેવા રસ્તા ઉત્પન્ન થાય છે, જેમ માણસના જેવા શ્રેષ્ઠ પ્રાણીના ફેફસામાં લોહી લાવીને છોડવાની તથા ત્યાંથી લઇ જવાની એવી બે નસો હોય છે તેમજ ઉન્નત સમાજના રસ્તા ઉપર જવાના અને આવવાના વાહનોને ડાબી તરફ અને જમણી તરફ જવાનો નિયમ હોય છે. તથા રેલવેના રસ્તાપર આવવાની અને જવાની ગાડીઓને માટે બેવડી લાઇનો કરવી પડે છે. મનુષ્યના શરીરની મોટી લોહીની નસો ઘણી શીધી હોય છે તથા તેમાંથી ફુટેલી નસો વાંકી ચૂકી હોય

છે, તેમજ સમાજના મોટા રસ્તા સીધા તથા સામે હોઇને, તેમાંથી ફુટનારા રસ્તા તથા પગદંડીઓ વાંકી ચૂકી હોય છે. જે પ્રાણીની રચના પોતાના દુશ્મનને જીતવાની તથા તેનાથી પોતાનો બચાવ કરવાના ઉપયોગી બનેલા હોય છે. તેના શરીરની મોટી મોટી લોહીની નસો શરીરના જૂદા જૂદા ભાગને પોષણ કરે છે એટલું જ નહિ પણ મજ્જા તથા હાથ પગ વગેરે અવયવોને લોહી પહોંચાડવા માટે ઉત્પન્ન થયલી હોય છે. તે પ્રમાણે સમાજના મોટા રસ્તાઓ વિશેષ કરીને પરચક્ર રોકવાને અગર શત્રુ ઉપર હુમલો કરવા માટે એટલે લશ્કર લઈ જવા માટે તથા તેનું પોષણ વગેરે કરવામાં સહજ થાય તેવા કરેલાં હોય છે. અશાંટિ લોકના મોટા મોટા રસ્તા પહેલા લશ્કરી કામને માટે બાંધેલા છે. પિરૂવિયન તથા રોમન લોકોના પણ મોટા રસ્તા લશ્કરને લાવ લઈ જવા માટે બાંધેલા હતા. હાલમાં ઉત્તર હિંદુસ્થાનમાંની રેલવેના રસ્તા વિશેષ કરીને સરહદી ઉપર ઝડપથી તથા સહજથી લશ્કર તથા યુદ્ધ સામગ્રી લઈ જવાય એવા જ નિયમથી બાંધવામાં આવે છે, એ વાંચનારને કહેવું પડે એમ નથી. આ રસ્તાની રચના સંબંધીનો વિચાર થયો. હવે જૂદી જૂદી સમાજના રસ્તાપરના રાહદારીઓનું સ્વરૂપ કેવું હોય છે તે જોઇએ. કનિષ્ટ જાતના પ્રાણીઓના શરીરમાં અન્નરસનો વિભાગ કરવાની ઇન્દ્રિયની રચના ઘણી જ સાદી હોય છે; તેમાંથી અન્ન રસનો સ્રોત ઘણો જ હળવે હળવે તથા અનિયમિત વહે છે. તેમજ, કનિષ્ટ પ્રતિની સમાજમાંના વ્યવહારનું સ્વરૂપ ઘણું જ ઝડપવાળું નહિ હોતાં તે ઘણું જ મંદ ગતિનું તથા અનિયમિત રીતથી ચાલે છે. તેથી ઉત્પન્ન થયલા માલનો વિભાવ હળવે હળવે તથા અનિયમિત રીતિથી થાય છે. ઉપલા વર્ગના પ્રાણીઓના શરીરની નાડીઓની રચના કંઇક ગુજવાડા ભરેલી હોય છે, તથા તેમાંથી લોહી ઘણું જ નિયમિત વહે છે. તે શરીરના એક ભાગ તરફ વહી ગયા પછી તથા તેમાં તે વાજબી કરતાં ફાજલ રહ્યું તો તેનો પ્રવાહ પાછો ફરે

છે તથા જ્યાંથી તે નીકળ્યું હોય છે ત્યાં પાછું આવે છે. તે જ પ્રમાણે ઘણી જ સુધરેલી સમાજના વ્યવહારના પ્રવાહમાં ઉલટી સુલટી લહેરો નીકળે છે. એક જ દિશાની તરફ માલ જાય છે એવું એકાએક બનતું નથી; પહેલા તે એક જગાએ વહે છે, તથા કેટલેક કાળે ત્યાંથી પાછો આવે છે. આપણી તરફ જે જૂદી જૂદી જગાએ દરસાલ જાત્રા ભરાય છે, તે આવા ઉલટા સુલટા વ્યવહારને બતાવનાર છે. નાના ગામમાંના કેટલાક ગામમાં દરરોજ બજાર ભરાતો નથી. કોઈ જગાએ ચાર દિવસે, કોઈ અઠવાડિયે, કોઇ પંદર દહાડે તો કોઇ છ મહિને બજાર તથા જાત્રા ભરાય છે, તથા તે વખતે કેવો સમાજનો વ્યવહાર થાય છે. જેમ જેમ સમાજમાંના માણસોની સંખ્યા તથા ગરજ વધતી જાય છે, તેમ તેમ મોટા ગામમાં દરરોજનો નાનો અગર મોટો બજાર ભરાય છે તે શિવાય નિયમિત કાળે લેવા દેવાને માટે બીજો બજાર ભરાય છે. તે અરસામાં જે વેપારી એક જગાનો માલ વેચાતો લઇને બીજી જગાએ ખપાવે છે તે પણ એક જગાપરથી બીજી જગાએ ફરે છે. દરરોજ નહિ ભરાનાર બજાર સમાજના ઉત્કર્ષની જોડે જલદીથી ભરાય છે તથા આખરે તે દરરોજ ભરાય છે. જ્યાં જે માલની જરૂર પડે છે, ત્યાં તે માલનો પ્રવાહ ઉત્પત્તિ સ્થાનમાંથી હમેશાં નિયમિત રીતિથી તથા ઝડપથી શરૂ થાય છે, તથા આખરે તે રેલવેની મદદથી એક જગાપરથી બીજી જગાએ સુલભ તથા જલદીથી દરરોજ એકથી વધારે વખત મોકલવામાં આવે છે. માણસના જેવા શ્રેષ્ઠ પ્રાણીના શરીરમાં લોહીનું ફરવું ક્ષણોક્ષણી ઘણું જ ઝડપથી, નિયમિત તથા સહેલાઇથી ચાલે છે, તેમજ ઉન્નત સમાજનો વ્યવહાર પણ ચાલુ રહે છે.

જૂદી જૂદી જાતની સમાજની જોડે વ્યવહાર રાખવામાં, વ્યાપારમાં તથા હળવા મળવામાં જે માલનો, દ્રવ્યનો અગર વસ્તુનો પ્રવાહ એક જગાપરથી બીજી જગાએ શરૂ થાય છે, તે માલના સ્વરૂપના વિષે પણ થોડા વિચાર કરીએ. કનિષ્ટ પંક્તિના પ્રાણીના શરીરમાં જે

પોષક રસ વહે છે તે તદન સાદો હોય છે. શ્રેષ્ઠ પંક્તિના પ્રાણીમાં જૂદી જૂદી વસ્તુનું તે રસમાં મિશ્રણ થયું હોય છે. તે જ પ્રમાણે કનિષ્ટ સમાજના વ્યવહારમાં જે માલની લેવડદેવડ થાય છે, તે ફક્ત દશ પંદર જાતની હોય છે. શ્રેષ્ઠ સમાજના વ્યવહારમાં અનેક જાતિના માલની લેવડદેવડ થાય છે. તેના શિવાય કનિષ્ટ પંક્તિના પ્રાણીઓની સાદી હોજરીમાં અન્ન અડધું કાચું પચન થઇને, તરત જ તે જરૂર પડનારા ભાગની પાસે લાવીને પહોંચાડે છે. શ્રેષ્ઠ પ્રાણીના અન્નરસમાંની ચરબી, સાકર વગેરે પદાર્થ, જ્યાં જોઇએ ત્યાં પહોંચાડવાની પહેલાં શુદ્ધ કરવામાં આવે છે, તથા એવા જૂદા જૂદા પદાર્થના મિશ્રણથી બનેલા લોહીમાં પછી પણ વળી બીજા પદાર્થ સામેલ થાય છે. તેજ પ્રમાણે શ્રેષ્ઠ સમાજનો વ્યવહાર હલકી જાતની સમાજના વ્યવહારની જોડે સરખાવીને જોતાં, જે માલની લેવડદેવડ શ્રેષ્ઠ સમાજ વ્યવહારમાં થાય છે તે અનેક પ્રકારની હોઇને તે એકદમ ઉપયોગી પડવા જેવા કારખાનામાં, દુકાનમાં વગેરેમાંથી પહેલા તૈયાર થઇને પછી વ્યવહારના સ્રોતમાં પડે છે.

હવે સમાજમાં ઠેકઠેકાણે જે જૂદી જૂદી રચના ઉત્પન્ન થાય છે, તેનું પરિણામ માલના સ્રોત ઉપર કેવું થાય છે તે જોઇએ. પ્રાણીઓની જૂદી જૂદી ઇન્દ્રિયો પોતાના પોષણમાં આવનારી વસ્તુઓ લોહીમાંથી ખેંચી લેછે, એટલુંજ નહિ પણ લોહીમાં વહેતાં જૂદા જૂદા પદાર્થનું રૂપાંતર કરવાની જે ઇન્દ્રિયના મુકરર કામો થઈ ગયા છે, તે ઇન્દ્રિયો તે વસ્તુજ ખેંચી લે છે. લાળ પિંડ જે દ્રવ્ય લોહીમાંથી લે છે તેનાથી ‘ સ્ટાર્ચ ’ ની શાકર તૈયાર કરવાનો રસ તે પેદા કરીને અન્ન પચનને મદદ આપે છે. હોજરીમાંના “ ગ્યાસ્ટ્રિક ” રસથી ભરેલી પોકળ્યા પચનમાં મદદ કરનાર ખલાસ તૈયાર કરીને બહાર રેડે છે, કલેજુ એ લોહીમાંથી લાગેલી કેટલી વસ્તુ જૂદી પાડીને પિતના રૂપથી નાડીમાં રેડે છે, કહેવાની મતલબ એ છે કે, પ્રાણીના શરીરમાં જૂદા જૂદા કામ કરનારી ઇન્દ્રિયો પોતાના પોષણમાં જરૂરના રસ એક-

દર લોહીમાંથી ખેંચે છે. તેમજ, દરેકના જે મુકરર વ્યાપાર છે, તેમાં ઉપયોગી પડતાં દ્રવ્ય ચૂસીને તથા તેના સ્વધર્મ પ્રમાણે જરૂર પડતાને રૂપાંતર કરીને તે જ્યાં જોઇએ ત્યાં મોકલી આપે છે. એ પ્રમાણે સમાજમાંના જૂદા જૂદા ધંધા કરનારા વર્ગ પોતાના ઉદરનિર્વાહને ઉપયોગી વસ્તુ એકંદર અનેક પ્રકારના ચાલના સ્રોતમાંથી લે છે. એટલું જ નહિ પણ જે જે વસ્તુના અનેક રૂપાંતર કરવાનો ઉદ્યોગ છે, તે તે વસ્તુ પસંદ કરીને તેના હસ્ત કૌશળથી અગર બીજી રીતિથી તૈયાર કરેલો માલ પાછો વ્યવહારના સ્રોતમાં તે સામેલ કરે છે.

સમાજના વ્યાપારમાં તથા વ્યવહારમાં સરસાસરસી અથવા વિરોધ નામની એક વસ્તુનો ચમત્કાર જોવામાં આવે છે. તથા તેનું પરિમાણ વ્યવહારના સ્રોત ઉપર પડે છે. તેમજ વિરોધ પ્રાણીઓની ઇન્દ્રિયોમાં પણ છે. પ્રાણીની દરેક ઇન્દ્રિય પોતાના પોષણને ઉપયોગી ભાગ લોહીમાંથી લે છે. દરેક ઇન્દ્રિયનું હિત બીજી બધી ઇન્દ્રિયોના હિત ઉપર પરંપરાથી જો કે અવલંબીને રહેલું હોય છે તોપણ તેનો પ્રત્યક્ષ રીતે વિરોધભાવ છે એવું કહેવાઇ શકાય. કારણ એવું નહિ હોત તો જે વખતે મગજને હમેશના કરતાં વધારે મહેનત કરવામાં આવે છે, તે વેળાએ શરીરના બીજા ભાગનું લોહી ઓછું થઇને મગજ તરફ વહી ગયું નહિ હોત, અથવા યથેચ્છ ભોજન કર્યા પછી ભેજાની તરફ લોહી ઓછુ થઇને પોતાને જડત્વ અથવા ઉંઘ આવી ને હોત. અથવા પગમાં તથા હાથમાં ઘણો શ્રમ થયાની તેની તરફ બધું લોહી વહીને અગ્નિ માંદ્ય તથા શરીરમાં ગ્લાની આવી નહિ હોત. આ બીજા ઉપરથી પ્રાણીની ઇન્દ્રિયોમાં પણ સ્પર્ધા એટલે સરસાસરસી અથવા પરસ્પર વિરોધ હોય છે એવુ સિદ્ધ થાય છે. બીજું એવું પણ સિદ્ધ થાય છે કે, શરીરમાં એક જ ભાગમાં વિશેષ શ્રમ કરવાથી શરીરના લોહીનો પ્રવાહ તે ભાગનું પોષણ થવા માટે ત્યાં વહે છે, તેમજ સમાજમાંના માણસો તથા વર્ગ પોતપોતાની હીલચાલના પ્રમાણમાં જોઇતી વસ્તુઓ

વ્યવહારના પ્રવાહમાંથી લે છે, તથા તે વસ્તુનું પ્રમાણ તેની વધતી ઓછી હીલચાલના ઉપર અવલંબીને રહે છે. કાલે બહાર દેશમાં મોકલવા માટે, અથવા ઘર ખર્ચને માટે સુતરની જરૂર પડી નહિ તો મુંબઈના કારખાના બંધ પડશે, મજુરોને રજા મળશે, અનાજ અથવા પોષણને માટેની વસ્તુઓ તે શહેરમાં ઓછી જવા લાગશે, તથા સુતર બનાવવાના કારખાનાનો વધારો થતો બંધ થશે, કદાચિત તે એકદમ બંધ પડશે; અથવા કપાસનો ઓછો પાક થયાથી ઉનનો વિશેષ ઉપયોગ થવા લાગ્યો, તો ઉનનો માલ તૈયાર કરવાને માટે કારખાનાઓ વધશે; તેની તરફ કાચો માલ વધારે જવાથી તથા ત્યાંથી તૈયાર થયલું કપડું બહાર દેશમાં જશે, જે જગાએ ઉનના કારખાના હશે, તે જગાએ વધારે પૈસા, માણસો, કાચો માલ જવા માંડશે, નવા કારખાના નીકળશે તથા જુના વધશે. તાત્પર્ય, પ્રાણીમાં તથા સમાજમાં પ્રત્યેક અવયવ પોતાને લેવાય તેટલું પોષણ એકંદર એકત્ર કરેલામાંથી લેછે તથા એકમેકની વચ્ચે વિરોધ ઉત્પન્ન થાય છે. તેના યોગેથી જે અવયવને વધારે કામ પડે છે તેના પોષણમાં ઘણો પોષક રસ ખપીને તેનો વધારો પણ ઘણો જ થાય છે.

ઉપર જે પ્રાણીના શરીરમાંનો તથા સમાજમાંનો પોષકરસ વહેચી લેવાનો ઇન્દ્રિયોના ધર્મનું સરખાપણું દેખાડ્યું, તેના ઉપરથી સ્રોતના ધર્મમાં મુદ્દલે 'જૂદાપણું નથી, એવું નથી, એક બે બાબતમાં જૂદાપણું છે, પરંતુ ઉપર દેખાડેલા વિચારમાં કંઇ હરકત આવતી નથી. અહિં સુધી સમાજની જે ત્રણ પ્રધાન ઇન્દ્રિયો તેમાંથી સ્રોતનો એટલે પોષક ઇન્દ્રિય તથા પોષક દ્રવ્ય વહેચણી કરનાર ઇન્દ્રિયોના વિષય વિચાર થયા.

રાજ્ય વ્યવસ્થા.

રાજવ્યવસ્થા એ સમાજની ત્રીજી પ્રધાન ઇન્દ્રિય છે. પ્રાણીનું

શરીર પોષણ કરવાની ઇન્દ્રિયની રચના ખાવાના પદાર્થના ગુણ ધર્મને અનુકૂલ એવી બને છે. તેમજ તેને શરીરમાં કબજે રાખવાની, તેની હીલ ચાલ કરનારી, જે ઇન્દ્રિયો છે તે પણ બહારની વસ્તુની સ્થિતિને અનુસરીને બનતી જાય છે. પ્રાણીને સારી રીતે દોડતાં આવડે નહિ, તો તેને પોતાના શત્રુથી પોતાનો બચાવ કરતાં આવડશે નહિ, અથવા તેને પોતાનો ભક્ષ્ય પકડતા આવડશે નહિ, તેને દૂર જોવાની તીવ્રદૃષ્ટિ નહિ હોય તો તેનો માંસાહારી પ્રાણીથી સંહાર થશે તથા ગરૂડના જેવા પક્ષીને પોતાના ભક્ષ્ય ઉપર ઉંચેથી ઝડપ કરતા આવડશે નહિ, તેમજ તેની કાનની ઇન્દ્રિય તથા સુંઘવાની ઇન્દ્રિય તીક્ષ્ણ નહિ હોય, અથવા તેના પંજા, દાંત, શિંઘડા વગેરે તીક્ષ્ણ નહિ હોય તો તેને પોતાનો બચાવ સારી રીતે કરતાં આવડશે નહિ, તથા ભક્ષ્ય ધરતા આવડશે નહિ. અર્થાત્ તેનો જલદીથી સંહાર થશે. હવે કનિષ્ટ વર્ગના પ્રાણીની આંખ વગેરે જ્ઞાનેન્દ્રિય તદન હલકી પંક્તિની હોય છે, તેથી તેનો ઘણો સંહાર થાય છે. શ્રેષ્ઠ વર્ગના પ્રાણીની આંખ તીક્ષ્ણ હોય છે, તેની બુદ્ધિ સારી હોય છે તથા તે ચપળ હોય છે, તેથી તેનું રક્ષણ થાય છે. આ જ્ઞાનેન્દ્રિયની, હાથપગના સ્નાયુની, તેના હાલવા ચાલવાના મજ્જાની વગેરેની ઉન્નતિ આસપાસના પ્રાણીઓની જોડે પ્રતિસ્પર્દ્ધા હોવાથી તથા તેની જોડે વારંવાર ઝગડો કર્યાથી થાય છે. હરણ એ ઘણું ચપળ હોય છે તેમજ તેની દૃષ્ટિ વગેરે જ્ઞાનેન્દ્રિયો તીક્ષ્ણ હોય છે. તેથી તે વાઘના જેવા મારી ખાનારા પ્રાણીઓથી પોતાનો બચાવ કરે છે. તેનું કારણ તેને અનંતકાળથી આવા ફાડી ખાનારા પ્રાણીઓની જોડે ઝઘડો કરવો પડ્યો છે તેથી તેના શરીરમાં આ ગુણ આવ્યા છે. તેમજ સમાજની રાજ્યસંસ્થા પણ આસપાસની વસ્તુસ્થિતિ પ્રમાણે બનતી જાય છે. એક સમાજમાં બીજી સમાજની જોડે લઢવાનો પ્રસંગ આવ્યાથી કેટલીક રાજ્યસંસ્થા ઉત્પન્ન થવાની શરૂવાત થાયછે.

જમીન સારી રસાળ નહિ હોવાને લીધે ત્યાં મોટી સમાજનો

ગુજારો થવાની મોટી પંચાતી પડે છે તથા ત્યાં વસ્તી છુટી છુટી હોય છે. આવી છુટી છુટી વસ્તીના લોકોને એકમેકને મદદ કરાતી નથી તથા તેનું ઐક્ય પણ થતું નથી. આવા લોકોપર સત્તા ચલાવનાર નાયક કોઈ હોતો નથી. ફ્યુજિયન, દક્ષિણ અમેરિકામાંના કાયાગ્યુઆસ, સીલોન બે-ટમાંના બેદા તથા દક્ષિણ આફ્રિકામાંના બુશમેનની સમાજ ઉપલી જાતની છે. એ પરશત્રુથી પોતાનો બચાવ કરવા માટે કદી એકઠા થતા નથી, તથા તેઓના ઉપર હુકમ ચલાવનાર અધિકારી પણ નથી. પરંતુ જ્યાં લઢાઇનો પ્રસંગ આવે છે ત્યાં કોઇપણ સમાજનું પ્રમુખપણું લેછે. કારિબ્જ લોકો જ્યારે શાંતતા હોય છે ત્યારે કોઈના પણ હુકમમાં રહેતા નથી, પરંતુ લઢાઇના પ્રસંગમાં તેઓ યોગ્ય માણસને પોતાનું આધિપત્ય આપીને તેની આજ્ઞા પાળે છે. તેવીજ રીતિ ક્રીકસ તથા ટૅસ્મિનિયન લોકોમાં જોવામાં આવે છે. પરંતુ સમાજમાં જે જે લઢવાનો વખતનો પ્રસંગ આવે છે તે પ્રસંગ જેટલી તૈયાર થયલી રાજ્યસંસ્થા કાયમની બની રહે છે. પેટાગોનિઆ દેશના લોકોની જૂદી જૂદી ટોલીઓ જો કે પોતપોતામાં લઢે છે, પણ સ્પૅનિઅર્ડ લોકોની જોડે જે જે વખતે લઢાઇ કરવાનો પ્રસંગ આવે છે તે વખતે તેઓ એકઠાં થાય છે. તેમજ ઉત્તર અમેરિકામાંના ઇંડિયન લોકોના જે છ રાજ્ય થયા છે, તે અંગ્રેજની જોડે લઢાઈ કરવાનો પ્રસંગ આવ્યાથી થયા છે. આ સાદી રાજ્ય વ્યવસ્થાની આવાજ યુદ્ધ પ્રસંગથી પછી ઉન્નતિ થઇ જાય છે, તે પાલિનીશિઆ દેશના ઇતિહાસ ઉપરથી સમજાય છે. સમોઆ બેટોમાંના આઠ દસ ગામો જોકે બધી બાબતમાં તદન જુદા છે, તો પણ તેની રક્ષાને માટે તે એક નાનું રાજ્ય થયું છે. બીજા નાના રાજ્યોએ તેના ઉપર હુમલો કર્યો તો તેમાંથી કોઇ પણ ગામને સ્વતંત્ર રીતે ચાલી શકાતું નથી. એ રાજ્ય ઉપર સત્તાધીશ એવો રાજા હોય છે, તથા તેની પસંદગી બધા ગામો પોતે આગળ પડીને કરે છે. સુધરેલા રાષ્ટ્રના જુના ઇતિહાસમાં રાજ્ય સ્થાપન કરવાની

ઉત્પત્તિ આવીજ થયલી જોવામાં આવે છે.

આવા યુદ્ધ પ્રસંગને લાયક લશ્કરી અમલદાર ઉત્પન્ન થયો એટલે તેજ કાળનો કાયમનો સત્તાધીશ થાય છે તથા તેના હાથમાં બધી સત્તા આવે છે. યુદ્ધ પ્રસંગ વારંવાર આવે, તો તે લશ્કરી અમલદારનો બીજા મુલક ઉપર અધિકાર પણ વધતો જાય છે. આવી રાજ્યસંસ્થા અશાન્ટી, ગહામી, ખિરગીજ, ફ્રિજિયન વગેરે જંગલી લોકોમાં નિર્માણ થઈ છે. તાત્પર્ય એ છે કે, જેમ પ્રાણીઓની જ્ઞાનેન્દ્રિયો, હાથ, પગ, વગેરે અવયવની ઉત્પત્તિ તથા વધવું એ નિરંતરના આસપાસના પ્રાણીના વિરોધભાવ હોવાથી થાય છે, તેમજ સમાજમાંના રાજ્યસંસ્થાની ઉત્પત્તિ તથા વધારો એ યુદ્ધના પ્રસંગથી થાય છે. હવે સાર્વભૌમ તથા માંડલીક રાજ્યો કેવી રીતે ઉત્પન્ન થાય છે તે જોઇએ. અન્યૂલોસા વર્ગમાંના હલકી જાતના કીડાનું શરીર ઘણાક **કરવ્યાં**ની એક માળા હોય છે. એ પ્રત્યેક **કરવ્યાં**માં સ્નાયુની વ્યવસ્થા એક સરખી હોઇને તે સ્વતંત્ર હોય છે. એટલે સ્વપોષણ, હીલચાલ વગેરે બાબતના વિશે તે બીજા **કરવ્યાં**ના ઉપર અવલંબીને રહેતા નથી, પરંતુ તેજ વર્ગમાંના ઉપલી જાતના પ્રાણીના શરીરના **કરવ્યાં**માં જે બધાની આગળ **કરવા** હોય છે, તેમાં બીજા **કરવ્યાં**ના કરતાં વિશેષ સુધરેલી જ્ઞાનેન્દ્રિયો તથા હીલચાલ કરવા માટે અવયવ હોઇને તે પ્રમુખ **કરવ્યાં**ના જ્ઞાનતંતુના તાબામાં બીજા **કરવ્યાં**ના જ્ઞાનતંતુ રહે છે. તે પ્રમાણે એક ટોળીના મુખ્ય નાયકે બીજી ટોળીને જીતી તો તે યશસ્વી નાયક જીતેલી ટોળીના નાયકને પોતાના હુકમમાં રાખે છે. સાન્ડવિચ્ બેટોમાંના, તેમજ ટાપુટિ, ન્યુઝીલંડ, તથા મેલાગાસના માણસોની સમાજમાં ઉપર કહેલી પદ્ધતિની રાજ્ય વ્યવસ્થા છે. એ માણસોની રાજ્ય વ્યવસ્થા, પ્રમુખ નાયક પોતાના ટાપુમાં પૂર્ણ અધિકાર મેળવે છે તથા તેના તાબામાંના નાયક પોતપોતાની ટોળી ઉપર અધિકાર ચલાવે છે. આ સરદાર લઢાઇના પ્રસંગમાં મુખ્ય રાજાના હુકમમાં ચાલે છે ખરો, તો પણ લઢા-

ઇની વખતે તે રાજાનો ઘણો જ તાબેદાર નહિ હોતાં સ્વતંત્ર હોય છે. આવા લઢાઇના પ્રસંગ વારંવાર આવે તો બધા સરદારોને મુખ્ય રાજાના નિરંતર અંકિત રહેવા પડે છે તથા એવા મુખ્ય રાજાના તાબામાં ઘણો જ વખત સુધી રહેવાથી આ જ રાજ્યપદ્ધતિ કાયમની બની જાય છે. જર્મનીમાં જે રાજ્યપદ્ધતિ હમણાંજ સ્થાપન થઇ છે તે આ ઉપલા સિદ્ધાંતનું ઉત્તમ ઉદાહરણ છે.

સમાજમાં એક ચક્રવતી રાજા અથવા સાર્વભૌમ રાજ્ય અને તાબાના માંડળીક રાજા, આટલી રાજ્ય વ્યવસ્થા અમલમાં આવી એટલે પ્રમુખ રાજા પોતાની સત્તા જે લોકોના હાથથી ચલાવે છે, તેની સંખ્યા તથા કાળનું વધતાપણું પણ ધીરે ધીરે વધતું જાય છે. પ્રાણીઓની જ્ઞાનેન્દ્રિયો બનીને તેની મદદથી શત્રુથી પોતાનો બચાવ કરી લેવાને અથવા પાસે આવેલું ભક્ષ્ય પકડીને યોગ્ય હીલચાલ કરવાને પાત્ર એવી અવયવની ઘટના થઈ એટલે તેના શરીરમાં ક્યાં પણ મજ્જા જેવું એક જગા બને છે. તે જગાએ જ્ઞાનેન્દ્રિયોએ મેળવેલી માહિતી રવાના થઇને ત્યાંથી યોગ્ય હીલચાલ કરવા માટે હાથ પગ વગેરે મળે છે. શ્રેષ્ઠ પ્રાણીનું માથું, કાન, સ્પર્શેન્દ્રિય વગેરે ઇન્દ્રિયો હોઇને તેનાથી સર્વ જ્ઞાન એક પ્રકારના સ્નાયુના મજ્જામાં થાય છે. તથા ત્યાંથી યોગ્ય હીલચાલ કરનાર હાથ પગને હુકમ થાય છે. તે પ્રમાણે સમાજના રાજાને યોગ્ય રીતિથી સત્તા ચલાવા, બીજા માણસની મદદ લાગે છે. તેની પાસેથી માહિતી મેળવીને તે તેને જણાવે છે તથા તેનો હુકમ અમલમાં લાવવાને અધિકારી હોય છે. રાજા એકલો જ સત્તા ચલાવવાનું બધું કામ કરતો નથી. તેની પાસે રાજ્યાધિકાર ચલાવનાર બીજા હાથ અથવા પ્રતિનિધિ ઉત્પન્ન થાય છે. સાંડવિજ બેટોમાંના રાજાની પાસે કેટલાક સરદાર હોય છે, તથા તેનો હુકમ અમલ ચલાવે છે. તેમ જ હૅરિટિઅન લોકોના રાજાનો મુખ્ય પ્રધાન છે. તથા તેને સલાહમસલત આપનારા સરદાર પણ છે. આફ્રિકામાંના ઝુલુ વગેરે જંગલી લોકોમાં આવી જ

રાજ્ય વ્યવસ્થા છે. ડાહોમી લોકોના રાજાની પાસે તો બે મુખ્ય પ્રધાન તથા બીજા ઘણાક કામદાર શિવાય બે ન્યાયાધિશ હોય છે તેમાંથી એક ન્યાયાધિશ તો હમેશાં રાજાની પાસે હોય છે તે તેને બધી માહિતી જણાવે છે. મજ્જા તંતુની રચનામાં જેવી મદદ કરનારી જ્ઞાનેન્દ્રિયના જેવી જગા હોય છે તથા તેના દ્વારા તેને જ્ઞાન તથા માહિતી થઇને શરીરની હીલચાલ થાય છે, તે પ્રમાણે ઉપર કહેલી રાજ્ય વ્યવસ્થામાં રાજા જોડે વખતોવખત ન્યાયનું કામ પોતે કરે છે તથા પોતે પોતાનો ઠરાવ અમલમાં આણે છે, તો પણ તેના પ્રતિનિધી જ આ કામ હમેશાં કરે છે. તાત્પર્ય પહેલા રાજ્ય સત્તા ચલાવવાની સંસ્થા તદ્દન શાહી હોય છે. પછી તેમાં જૂદા જૂદા પેટા સંસ્થા ઉત્પન્ન થઇને તેજ બિકટ તથા મિશ્ર થાય છે અને વિસ્તાર પામે છે. આટલી રાજ્ય સ્થાપવાની રચના થઈ એટલે તેમાં વળી બીજા પણ અંતર પ્રગટ થાય છે. જેમ જેમ મજ્જાતંતુ રચનામાં સુધારો થતો જાય છે, તેમ તેમ એક વિચાર કરનાર તથા દૂર દૃષ્ટિ રાખનાર સ્થળો ઉત્પન્ન થાય છે. પહેલાં જે સ્થળની શરીરની હીલચાલની જોડે વિશેષ સંબંધ હોતો નથી, પરંતુ શ્રેષ્ઠ પ્રાણીમાં તેજ જગા પ્રધાન થઇને તેના હુકમથી તેનું આખું શરીર રહે છે. તેજ પ્રમાણે રાજ્ય પદ્ધતિમાં સલાહમસલત આપવી, વ્યવસ્થા મુખ્ય રાજાને મદદ કરે છે, તેજ આગળ જતાં સમાજની ઉન્નતિ થવાની સાથે બધો અધિકાર પોતાના હાથમાં લે છે. જેમ માણસના મજ્જા તેના એકંદર વર્તનમાં દોરવે ખરી, તો પણ ભવિષ્ય અને વર્તમાનકાળનો આગળ પાછળનો વિચાર કરવાનું કામ પોતાના હાથમાં રાખીને બાકીની હમેશાની હીલચાલ બીજા તંતુના ઉપર સોંપે છે, તેમ જ પાર્લમેન્ટ સભાના જેવી જે રાજ્ય વ્યવસ્થા ઉન્નત સમાજની રાજ્ય વ્યવસ્થામાં ઉત્પન્ન થાય છે, તે બધી જાતના હુકમ બજાવવાનું કામ જૂદા જૂદા અધિકારીઓ ઉપર સોંપવામાં આવે છે તથા પોતે ફક્ત હાલના તથા ભવિષ્યના કામ વિષે પ્રજાના સુખ દુઃખનો વિચાર કરવાનો

છે તે કરીને યોગ્ય કાયદા કાનુન તથા ઠરાવ કરે છે. મનુષ્યના મજ્જા-માં જેમ કોઈ પણ પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી, સર્વ જ્ઞાન તેના અંકિત ઇન્દ્રિયોના દ્વારા પરંપરાથી થાય છે, તેજ પ્રમાણે આ સભા પ્રત્યક્ષ માહિતી મેળવતી નથી. તે હાથ નીચેના અધિકારીઓની મારફતે મળે છે તથા તે માહિતીનો યોગ્ય ઉપયોગ કરીને શું ઠરાવવું તે તે ઠરાવે છે. ઇંગ્લંડની પાર્લમેન્ટ સભાને જે ખબર મળે છે, તે હાથ તળેના અધિકારી લોકોની અર્જ તથા વર્તમાનપત્રના દ્વારાએ મળે છે, તથા તેનો ઉપયોગ કરીને જે યોગ્ય લાગે છે તે ઠરાવ કરે છે. તે ઠરાવ પહેલા મંત્રીમંડળની પાસે તથા તેના તરફથી રાજાની પાસે જાય છે; તથા આખરે રાજાના નામથી તે ઠરાવનો અમલ કરવામાં આવે છે.

કનિષ્ઠ જાતના જીવમાં જે સ્વતંત્ર જ્ઞાનતંતુ હોય છે, તેજ ચઢતા વર્ગના જીવમાં મજ્જાના જેવી એક શ્રેષ્ઠ જ્ઞાનેન્દ્રિય થયાથી પરતંત્ર થાય છે. તેનું કામ ફક્ત ખબર પહોચાડવાનું હોય છે, તથા હુકમ થયો કે તે અમલમાં લાવવો, તેની પેલી બાજુએ પોતે આગળ પડીને કોઈ જાતની હીલચાલ કરતો નથી. આવો જ ચમત્કાર સમાજની રાજ્ય વ્યવસ્થામાં પણ દીઠામાં આવે છે. હલકી જાતની સમાજનો રાજા પોતે જ અધિકાર ચલાવે છે. જેમ જેમ સમાજની ચઢતી થતી જાય છે, તથા તેના કર્તવ્યની સંખ્યા વધે છે, તેમ તેને પ્રધાન વગેરે કામદારોની મદદ લેવી પડે છે. એ કામદાર તેને જોઇતી ખબર તથા સલ્લાહમસલત આપે છે તથા તેનો ઠરાવ અમલમાં લાવે છે. આવું થતાં થતાં કાયદા કરનારી મંડળી રાજની જગાએ ઉત્પન્ન થઇ એટલે પ્રધાન જ આ મંડળીના તાબે રહે છે. આખરે ઉન્નતાવસ્થામાં આવેલા ઇંગ્લંડ જેવા દેશમાં બધી રાજ્ય સત્તા પાર્લામેન્ટ સભાના હાથમાં લઇને રાજા તથા પ્રધાનમંડળ એ પુતળાં જેવા પરતંત્ર બને છે. અહિં સુધી સમાજના રાજ્ય સંસ્થાની રચના કેવી થતી જાય છે તે કહ્યું. હવે જે માર્ગથી રાજ્ય સત્તા ચલાવવાની લાયકની માહિતી અથવા જ્ઞાન

મળે છે તથા જે માર્ગથી તેનો હુકમ અમલમાં આવે છે, તે વિષે ટૂંકામાં વિચાર કરીએ. જે પ્રાણીમાં મજ્જા તંતુની રચના તદ્દન શાદી હોયછે, તેમાં બહારની વસ્તુનું જ્ઞાન જલદીથી થતું નથી. પરંતુ જે શ્રેષ્ઠ જીવની મજ્જા તંતુની રચના ગુંચવાડા ભરેલી હોય છે, તેના શરીરમાં જૂદા જૂદા જ્ઞાન મળેવવાના જ્ઞાનતંતુ તથા સ્થળો ઉત્પન્ન થાય છે અને તેની મદદથી શરીરમાંના બધા ભાગનું જ્ઞાન ઝડપથી થઇને સમયને યોગ્ય હાથ પગની હીલચાલ પણ તેને જલદી કરતાં આવડે છે. કનિષ્ટ પ્રતિની સમાજને બહારના દુશ્મનની ખબર જલદીથી મળતી નથી, કારણ કે તેવી ખબર મેળવવાનાં સાધનો તે સમાજમાં હોતાં નથી. તેનાથી ચઢતી જાતની સમાજના ઉપરના રાજા, એજ ખબર મેળવનાર જાસુદ વગેરે સાધનથી મેળવે છે. શ્રેષ્ઠ સમાજના રાજાને તો સર્વ પ્રકારની ખબર ટેલિગ્રાફ પોસ્ટ વગેરે સાધનથી ઝડપથી મળે છે; તથા તેની મદદથી તેનો હુકમ જલદીથી અમલમાં લાવી શકાય છે.

મજ્જાતંતુનું જ્ઞાન થવા માટે તથા હાથ પગની હીલચાલ કરવાના બે જાતના તંતુઓ હોય છે એવું ઉપર કહ્યું છે. પરંતુ તેમાં વળી ત્રીજો પણ એક પ્રકાર છે. આ ત્રીજા પ્રકારના સ્નાયુ પચનક્રિયા યોગ્ય રીતે થવાની જરૂર છે. આવેલો ખોરાક ગળામાં ઉતરે નહિં, તે પચવાને માટે હોજરીનું તથા બીજા ભાગની હીલચાલ થાય નહિ, તો પ્રાણીના હાથ પગ ચાલતા નથી, તેથી આ ત્રીજી જાતના સ્નાયુ સંકોચવિકાસ થઇને ગળામાં ખોરાક નાખે છે, હોજરીમાં તે ધોળાય છે, તથા પોષણક્રિયા યથાસ્થિત થતી તેથી શરીરના જૂદા જૂદા ભાગમાં આવી જ વળી બીજા કામો થાય છે. આ ત્રીજા પંક્તિના સ્નાયુની રચના મજ્જાતંતુથી ઉત્પન્ન થઈ હોય કે નહિ થઇ હોય, પરંતુ આટલું તો ખરૂં છે કે ત્રીજી રચનાથી એકંદર શરીરને ચલાવવા માટે જરૂર છે. શ્રેષ્ઠ પંક્તિના જીવમાં આ સ્નાયુ પહેલા બે જાતના મજ્જાતંતુના ઉપર ઘણો આધાર રાખીને નહિ રહેતાં પોતાનો વ્યાપાર સ્વતંત્ર રીતે

કરે છે. તેજ પ્રમાણે સમાજની બાલ્યાવસ્થામાં સમાજના પોષણેન્દ્રિય એટલે ઉદ્યોગ ધંધા, આ પ્રમુખ રાજાના હુકમમાં હોય છે. આપણા દેશમાંના ગોંડ ભિલ્લ, નાગ લોકોમાં આવી રીતે દીઠામાં આવે છે. કુરી લોકોનો રાજા કિયાએ કેઇ જાતનો ધંધો કરવો તથા દરેક કુટુંબે કેઇ જમીન ખેડવી એ નક્કી કરે છે. સાંતાળ લોકોનો રાજા દરેક ઉદ્યોગ ધંધો પોતાના હુકમથી ચલાવે છે; તથા ખોંડ લોકોનો નાયક તો પોતે આપવું દેવું તથા વેપાર કરીને વસ્તુનો ભાવ ઠરાવે છે. કિયા વારે કયાં બજાર ભરાવો, અનાજ કયારે વાવવું, તથા પાક કયારે કાપવો, કિયા કામમાં મજુરી શી આપવી વગેરે બાબત ઠરાવવાનું રાજાના હાથમાં હોવાના ઉદાહરણ જૂદા જૂદા દેશની કનિષ્ટ પંક્તિની સમાજમાં છે. શોળમી શદી સુધી પ્રજાના ઉદ્યોગ ધંધામાં રાજા અથવા પ્રમુખ સરદાર હાથ નાખવાના ઘણા ઉદહરણો યુરોપના ઇતિહાસમાં મળે છે. પરંતુ જેમ જેમ સમાજની ઉન્નત અવસ્થા થતી જાય છે, તેમ તેમ આવી જાતની રાજસત્તાની મર્યાદા થતી જાય છે. હળવે હળવે સમાજના ઉદ્યોગ ધંધાના દાબ નાખવાનો અધિકાર રાજસત્તા ચલાવનારા મુકામોના હાથમાંથી નીકળીને ઉદ્યોગ ધંધા કરનારા કારખાના વાળાના હાથમાં જાય છે. હાલમાં આપણા દેશના નિરખ, મજુરી, બજાર ભરાવવાનો કાળ તથા ઠેકાણું, વ્યાજનો દર, વગેરે બાબત ઠરાવવાનું કામ સરકારના હાથમાં બીલકુલ નહિ હોતા, વેપારના આ ઉતર, માલ પેદા થવા ઉપર, તે એક જગાથી બીજી જગાએ આવવા જવાપર તથા સમાજની જરૂર ઉપર સર્વ પ્રકારે આધાર રાખે છે. તથાપિ સમાજના ઉદ્યોગ ધંધા નિયમમાં રાખવા એ રાજસત્તા ચલાવનારનું અનેક કર્તવ્યમાંથી એક કર્તવ્ય છે, એ સ્પષ્ટ કરીને દેખાડવાને ઘણું લાંબે જવું પડે એમ નથી. હાલમાં અંગ્રેજ સરકારના રાજ્યમાં અફિણ, મીઠુ, દારૂ વગેરે વસ્તુ ઉત્પન્ન કરવી, તેના વેચાણ લેણુ કરવા, બહાર જનારી તથા બહારથી દેશમાં આવનાર માલ ઉપર જકાત બેસાડવી વગેરે કા-

મો સરકારે પોતાના હાથમાં લીધા છે. તેના ઉપરથી ઉપર કહેલી બાબત સિદ્ધ થાય છે. સમાજને તાબામાં રાખવા માટે રાજ્યસંસ્થાની કેવી કેવી ઘટના થતી જાય છે, તેનો આટલીવાર સુધી દિગ્દર્શન કર્યું.

વર્ગ પાડવા.

હવે પૃથ્વીપર જે સમાજ જોવામાં આવે છે તેની શાસ્ત્રના દૃષ્ટિ બિંદુથી વર્ગ પાડી શકાશે કે નહિ એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. જીવ અથવા વનસ્પતિની જો કે હજારો પેઢી થઇ છે તોપણ તેના પૂર્વજ પ્રાણીના અથવા વનસ્પતિના જે ધર્મગુણ હોય છે તેમાં ઘણો ફરક પડતો નથી. જો કે બહારના કારણથી તેના વંશમાં ફેરફાર થાય છે, તો પણ તે ઉપર ઉપર માત્રનો ફેરફાર હોય છે, પરંતુ તેના મૂળ સ્વરૂપમાં ઘણો ફરક પડતો નથી. તેથી પ્રાણીઓની તથા વનસ્પતિની સામાન્ય, વિશેષ જાતિ, વર્ગ વગેરે પાડી શકાય છે. પરંતુ કનિષ્ઠ પંક્તિના સમાજના વિભાગ થઇને તેનાથી જે બીજી સમાજ નિર્માણ થાય છે, તેનું સ્વરૂપ મૂળ સમાજ રૂપના જેવું હોય છે તો પણ ઉપલી સમાજથી જે સમાજ ઉત્પન્ન થાય છે તેના સ્વરૂપમાં ઘણોજ ફરક પડે છે. તેથી નિયમિત વર્ગ પાડી શકાતા નથી. તથાપિ જૂદી જૂદી સમાજનું સરખાપણું અથવા જૂદાપણું દીઠામાં આવે છે. .તેના ઉપરથી સમાજના સ્થુલ વર્ગ પાડી શકાય એમ છે. જૂદી જૂદી સમાજમાં જે જૂદાપણું દીઠામાં આવે છે તેના ઉપરથી વર્ગ પાડવા જતાં હિંદુ સમાજ બોધ લેવા જેવો છે. તેથી તેનો જ અહિં ઉલ્લેખ કરીએ છીએ. તેવા વર્ગ પાડવામાં આવે તો યુદ્ધતત્પર તથા ઉદ્યોગતત્પર એવા સમાજના બે વર્ગ થાય છે.

ગમે તો સમાજ અમિશ્ર હો કે મિશ્ર હો, તેનો હમેશાં અથવા કોઈ કોઇ વખત આસપાસની સમાજની જોડે વિરોધ હોવાનોજ. તેથી

પરચક્ર આવ્યો તો પણ પોતાનો બચાવ કરવાની અને સામે વાળાના ઉપર હુમલો કરવાના અનુકૂલ તેની રચના થાય છે. જો સમાજ યુદ્ધતત્પર હોય, તો તેનું પોષણ થવુંજ જોઇએ; કારણ કે વ્યાપાર ધંધા, કારખાના વગેરે સમાજમાં ચાલે છે. પરંતુ એવી સમાજના મુખ્ય લક્ષણ યુદ્ધતત્પરતા હોવાને લીધે, યુદ્ધને અનુકૂલ રચના તે સમાજમાં પ્રધાન હોઇને ઉદ્યોગ ધંધાના અનુકૂલ રચના ગૌણ તથા બાલ્યાવસ્થામાં હોય છે.

યુદ્ધતત્પર સમાજમાંના દરેક માણસ સિપાઇ હોય છે; અર્થાત્ સર્વ રાષ્ટ્ર એક યુદ્ધમાં તૈયાર થયેલું સ્થળ બનેલું મોટું સૈન્ય છે એવા યુદ્ધતત્પર રાષ્ટ્રની બધી સત્તા એક માણસના ઉપર અથવા વર્ગના હાથમાં જાય છે તથા શાંતતા થયા પછી પણ તે તેવીજ તેના હાથમાં રહે છે. અશાંટી, ફિજિયન, પ્રાચીન મેક્સિકન્ લોકની સમાજ હમેશાં યુદ્ધતત્પર હોવાને લીધે તેનો જે મુખ્ય સેનાપતિ તેજ શાંતતાની વખતે એક સત્તાત્મક રાજા હોય છે.

આવી યુદ્ધતત્પર સમાજ ઉપર મુખ્ય સેનાપતિની પૂર્ણ સત્તા હોય છે. તથા તેના હાથ નીચેના સરદારો તેને તાબે હોય છે. અને તે સરદારોના તાબામાંના લશ્કરી અમલદાર તથા સિપાઈ તે સરદારના તાબે રહે છે. સારાંશ, આ જે યુદ્ધ પ્રસંગની સમાજ રચના થાય છે, તેજ પછીથી શાંતની વખતે કાયમ રહે છે, તથા સમાજમાં કનિષ્ટ તથા શ્રેષ્ઠ એવા એકના ઉપર એક વર્ગ બનીને હલકો વર્ગ શ્રેષ્ઠ વર્ગના તાબામાં જાય છે. ફિજી લોકોમાં રાજાથી દાસ સુધી છ વર્ગ થયા છે. માદાગાસ્કર બેટોમાં રહેનારા લોકોમાં લડાઇની વખતે એક સત્તાત્મક રાજ્ય સ્થાપવામાં આવ્યું, તે વખતે કેટલાક વર્ગ ઉત્પન્ન થયેલા છે. યુદ્ધતત્પર સમાજમાં એવી એક સત્તાત્મક રાજ્ય પદ્ધતિની સ્થાપના થાય છે એટલું નહિ, પણ સમાજના ધર્મનું સ્વરૂપ બદલાઇને લોકોની ધર્મની સમજણ ભયંકર થાય છે. એવા સમાજના માણસો, દેવ, મોટા લઢવૈયો

છે, અદ્દેખો તથા મારીનાખનાર છે એવું માને છે. પરશત્રુની જોડે લ-ઢવું એ એવા દેવની આજ્ઞા છે એવું સમજીને તે ચાલે છે તથા લઢાઈમાં પકડેલા બંદીવાનોને તે દેવને બળી પણ આપે છે. મરી ગયલા રાજાના મુડદાને પહેલા નર માંસ તથા લોહી વહેતું કરીને તેના પિતરને લઢાઈની વખતે સંભારે છે. મેક્સિકન લોકો પણ પોતાના યુદ્ધ દેવતાને નરમાંસનો નૈવેદ્ય દેખાડે છે. એવા ઉપર કહેલા લોકોના પુરાણો તથા કથા કહેતાં યુદ્ધદેવતાના ચરિત્રોજ છે.

યુદ્ધતત્પર સમાજના ધર્મનું ભયંકર સ્વરૂપ થાય છે એટલું જ નહિ પણ તેનો ધર્મગુરૂ તથા રાજા ઘણું કરીને એકજ હોય છે એવું કહીએ તો ચાલે. પેરૂ દેશમાં જે રાજા છે તેજ ધર્મગુરૂ હતો, મેક્સિકોમાં રાજાનો બીજો છોકરો ધર્મગુરૂ થતો હતો. મિસર, અસિરિયન, બાબિલોનિયન, લિડિયન તથા સ્પાર્ટન લોકોમાં જે રાજા હતા તે જ ધર્મગુરૂ હતા.

યુદ્ધતત્પર સમાજની પોષણ કરનાર વર્ગની વ્યવસ્થા લઢાઈને અનુકૂલ એવી હોય છે. કનિષ્ટ પંક્તિના યુદ્ધતત્પર સમાજમાં પોષણ કરવાનું કામ દાસ કરેછે. ઉચ્ચી પંક્તિના યુદ્ધનિમગ્ન સમાજમાં ઉદ્યોગ ધંધા કરનાર વર્ગનું અસ્તિત્વ કેવળ આખા રાષ્ટ્રને માટે હોય છે, તેથી તે વર્ગ ઘણું કરીને લશ્કરી અમલની નીચે હોય છે. પેરૂ દેશમાં દરેક જગાપરના લોકોએ તેના છોકરાંએ તથા આંધળા પાંગળાએ પણ શું તથા કેટલું કામ કરવું એ સરકારી અધિકારી નક્કી કરતા હતા, તથા જો કદાચિત્ આળસથી કોઇએ પોતાનું કામ કર્યું નહિ તો તેને સજા પણ આપવામાં આવતી હતી. માદાગાસ્કરના બેટોના યુદ્ધ તત્પર રાજ્યોમાં બધા રહેવાસી રાજાના નોકર જ હતા, તેઓને એક ધંધો છોડીને બીજો કરી શકાતો નહોતો અથવા એક જગા છોડીને બીજી જગાએ જવાતું નહોતું, અને તેમ કોઇ કરે તો તેને દેહાંત શિક્ષા થતી હતી. તાત્પર્ય, યુદ્ધ તત્પર સમાજનો ઉદ્યોગ ધંધો કરનાર વર્ગ સર્વ પ્રકારે લશ્કરી અમલની નીચે તથા રાજાના તાબામાં રહે છે. આ તત્વ ઇતિ-

ઇતિહાસમાંથી બીજા દાખલા દેખાડીને કહી શકાશે.

યુદ્ધતત્પર સમાજમાંના પ્રત્યેક માણસના દરરોજના કામ સરકારી કાયદાથી ઠરાવેલા હોય છે. પ્રાચીન કાળમાં ઉદ્યોગ ધંધો વગેરે કરવાને દરેક વર્ગને, તેમજ ઠેકઠેકાણે સરકારી અધિકારીઓએ, ક્યારે ઉઠવું, ક્યારે જમવું, ક્યારે બહાર જવું, ક્યારે મળવું, તથા ક્યારે સૂવું આવા નિયમો બાંધી રાખ્યા હતા. પ્રાચીનકાળમાં પેરૂ દેશમાં સરકારી અધિકારી દરેક ઘર બારીકીથી શોધીને તે વ્યસ્થાથી રાખ્યા છે કે નહિ તથા છોકરાંને યોગ્ય શિક્ષણ તથા શાસન થાય છે કે નહિ એ નિયમિત વખતે જોવામાં આવતું હતું. પ્રાચીન મિસર દેશમાં પ્રત્યેક માણસે સ્થાનિક અધિકારીની પાસે જઇને પોતાનું નામ, ગામ ધંધો વગેરે કહેવું પડતું નથી. સ્પાર્ટા દેશમાં દરેક માણસના દરરોજના કામમાં તથા સ્વતંત્રતામાં સરકારી હુકમથી એવીજ મર્યાદા બાંધેલી હતી, હાલના કાળમાં યુદ્ધ તત્પર સમાજ આવા સખ્ત નિયમથી બાંધેલી નથી, તો પણ શું ખાવું તથા નાહિ ખાવું, પોશાક કેવો પહેરવો, એક જગા પરથી બીજી જાગાએ જવું, કે નહિ જવું, કંઈ રમત્ત રમવી તથા નહિ રમવી વગેરે બાબતના જે સરકારી હતા તેના ઉપરથી ઉપરના કહેવાનું સબળ પ્રમાણ મળે છે. જે ફ્રાન્સ દેશની રાજય પદ્ધતિ યુદ્ધતત્પરતાના અનુકૂલ છે, તે દેશમાં આજ સુધી પણ વર્ત્તમાન પત્રને તાબે રાખવા, સભાને ભાગી નાખવી, નિશાળમાં શિક્ષણના ક્રમ યોજવા વગેરે બાબત સરકારના હુકમથી થાય છે.

યુદ્ધ તત્પર સમાજનો મુખ્ય હેતુ લડાઈ કરવી હોવાથી એકંદર સમાજને માટે વ્યક્તિનું અસ્તિત્વ છે એવું તે સમાજનું તત્વ ઠરીને જેમ લશ્કરમાં દરેક સિપાઇને સ્વતંત્રતા હોતી નથી, તેમજ યુદ્ધતત્પર સમાજમાંના દરેક માણસમાં સ્વતંત્રતા મળતી નથી; હુકમ સર્વ પ્રકારે માનવો આ સદ્ગુણ તથા તે તોડવો એ મહાપરાધ એવું માનવામાં આવે છે. એવી સમાજમાં એકાદો ગુન્હો એકાદાને માફ થશે, પરંતુ

રાજ દ્રોહ આ ગુન્હો કદી પણ માફ થતો નથી. આવા પૂર્ણ યુદ્ધ તત્પર સમાજમાંના માણસની જગાએ રાજાની પાસે સ્વાર્થ બુદ્ધિ બીલકુલ રહેતી નથી. આ યુદ્ધતત્પર સમાજના મુખ્ય લક્ષણ થયા. ઉદ્યોગ તત્પર સમાજના લક્ષણો નક્કી કરવા એ મુશ્કેલ પડે છે. કારણ કે ગમે તેવી ઉદ્યોગ તત્પર સમાજ હોય તો પણ આસપાસની બીજી સમાજોની જોડે તેનો વિરોધ ભાવ હોય જ, તેથી તેને થોડું ઘણું પણ યુદ્ધ તત્પર સ્વરૂપ આવે જ. તથાપિ ઉદ્યોગ તત્પર સમાજનું સ્થૂલ સ્વરૂપ કહેવાય એમ છે, જે સાદી સમાજને કદી પણ યુદ્ધ કરવાનો પ્રસંગ આવતો નથી, તે સમાજ સત્વશીલ તથા શાંત હોય છે; તેમાંના દરેક માણસના હક્ક પૂજ્ય માનવામાં આવે છે; અને વૃદ્ધના હુકમ શિવાય તેના ઉપર કોઇની સત્તા ચાલતી નથી. તેમાં સજસત્તા લોકનિયુક્ત પ્રતિનિધિ ચલાવે છે અને તેની આજ્ઞામાં બધા માણસો આનંદથી રહે છે. ઘેડા લોકોમાં એક વખત વાદ ઉત્પન્ન થયાથી લવાદના હાથથી તેનો નિકાળ થાય છે. બોદો તથા ડિમાળ લોકોમાં કદી યુદ્ધ પ્રસંગ નહિ આવવાને લીધે તેના ઉપર સત્તાધીશ એવો કોઈ પ્રમુખ નથી; તે લોકો પૂરેપૂરા સ્વતંત્ર ઉપભોગ કુરે છે, તે દાસ અથવા નોકર ચાકર પાળતા નથી; જમીનને ખેડવામાં અગર ઘર બાંધવું પડે તો એકમેકને મદદ આપે છે. આવી સાદી સમાજમાં યુદ્ધ તત્પર સ્વરૂપ આવ્યા શિવાય તેની કદી ઉન્નતિ થતી નથી, તથા તે મોટો વિસ્તાર પણ પામતી નથી. કારણ યુદ્ધ પ્રસંગ આવીને એકે બીજાની સમાજ ઉપર સત્તા મેળવ્યા વિના સમાજનો વિસ્તાર થયલો તથા તેમાં સર્વ સત્તા રાજાના અથવા બીજા અધિકારીઓના હાથમાં જઇને બધાને તાબામાં રાખવાની રાજ્ય સંસ્થા ઉત્પન્ન થયલી ક્વચિત્ જણાય છે. પ્યૂબ્લાસ લોકો ઘણા ઉદ્યોગી છે, તેના ઉપર કોઇએ હુમલો કર્યાથી તેઓ લડે છે. બીજા ઉપર તેઓ કદી હલ્લો કરવા જતા નથી. એ લોકોમાં જે રાજસંસ્થા જોવામાં આવે છે તે લોકનિયુક્તવાળી છે. સમોઆ

બેરોમાં માણસોને હાલમાં યુદ્ધ કરવાનો વખત ઘણો આવતો નથી, તેથી પ્રખર રાજ્યસત્તા સૌમ્ય થતી જાય છે. અને લોકો ઉદ્યોગ તત્પર થવા માંડ્યા છે. આ લોકોના ગામોમાં તથા પ્રાંતોમાં લોકોથી પસંદ કરેલા મંડળો છે. તેનો બધો કારભાર તે સભાના હાથથી થાય છે. એ લોકોના વેપાર રોજગાર ઉપર રાજસત્તાનો અમલ નહિ હોતાં તે તદ્દન સ્વતંત્ર છે, તેથી વેપાર રોજગાર કરનારો વર્ગ સરકારી કાયદાથી બંધાયલા નહિ હોતા તેઓ પોતાની મરજી પ્રમાણે ગમે તે ધંધા કરી શકે છે. ઉપર લખેલી સમાજોના ઉપરની સમાજોની તરફ નજર પહોંચાડયાથી એવું જણાય છે કે, જેમ જેમ સમાજ ઉદ્યોગ નિમગ્ન થાય છે તેમ તેમ ઉદ્યોગ કરનારા વર્ગ સ્વતંત્ર થતા જાય છે. ઉદાહરણને માટે સોલનના કાયદાથી જ્યારે વેપાર રોજગાર એથેન્સ શહેરમાં માન પામવા લાગ્યો ત્યારે તે શહેર એટલી તો આબાદ સ્થિતિમાં આવ્યું કે, બીજા શહેરો તેવા થયા નહિ તથા ત્યાં જ લોકસત્તાત્મક રાજ્ય સંસ્થા વેપાર રોજગારની જોડે ઉત્કર્ષ થવા માંડી. ડચ લોકોના, અમેરિકન લોકોના તથા અંગ્રેજ લોકોના લોક સત્તાત્મક રાજ્ય એ ઉપલા તત્વના ઉદાહરણો છે.

ધર્મસંબંધી વિચાર કરવામાં આવે તો ઉદ્યોગનિમગ્ન સમાજોમાં પણ ઘણા રૂપાન્તર થયલા જોવામાં આવે છે. એવી સમાજમાં ધર્મના અથવા ધર્મગુરૂના બંધનો ઢીલા થતા જાય છે, ધર્મસંબંધી પ્રશ્નો દરેક માણસને મત સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે. જે પૂર્વાપાર એક ધર્મપદ્ધતિ લગાડી મૂકી હોય છે, તેમાં મતભેદ પડીને જૂદા જૂદા પંથ બને છે, માણસના તથા રાજ્યસંસ્થાના બીજા સંબંધમાં પણ ઘણો ફરક પડે છે. યુદ્ધતત્પર સમાજમાં બધાને માટે વ્યક્તિ સ્વાતંત્ર્ય નાશ પામીને, રાજ્યસત્તા એક માણસની તરફ અથવા કેટલાક માણસોની તરફ આવે છે. સરકારી અધિકારીઓની આજ્ઞા માણસને માથે ચઢાવવી પડે છે. ઉદ્યોગતત્પર સમાજમાં ઉલટું જોવામાં આવે છે. તેમાંના માણસોને પૂરેપૂરી આપખતિયારી મળે છે. રાજ્યસત્તા અધિકારીઓને પોતાની તરફથી મળી

છે, એવું દરેક માણસને માલમ પડે છે તથા તેના ઘણાખરા વર્તન રાજસત્તાના તાબે રહેતા નથી. તેઓને ગમે તે ધંધો કરવાને છુટ મળે છે. ઈંગ્લંડન જેવા દેશમાં પણ અધિકારીઓની આજ્ઞા અમાન્ય કરવાનો તેને હક્ક મળે છે, સારાંશ, યુદ્ધતત્પર સમાજમાં માણસની સ્વતંત્રતા બધી રીતે જોતાં નાશ પામે છે, સમાજનું અસ્તિત્વને માટે માણસનું અસ્તિત્વ છે. આ તત્વ નક્કી થાય છે. પરંતુ ઉદ્યોગ તત્પર સમાજમાં દરેક માણસનું કલ્યાણ કરવા માટે સમાજના અસ્તિત્વ છે એવો લોક મત ઠરાવીને માણસને સરાસરીથી પૂર્ણ સ્વતંત્રતા ભોગવવાને મળે છે.

સમાજનું રૂપાંતર.

જેમ જેમ યુદ્ધ કરવાનો પ્રસંગ ઓછો આવતો જાય છે, તેમ તેમ સમાજ ઉદ્યોગ તત્પર થાય છે. આ સિદ્ધાંતનું દિગ્દર્શન કર્યું જ છે. ઈંગ્લંડમાં સન ૧૮૧૫ થી ૧૮૫૦ સુધી યુદ્ધ કરવાનો પ્રસંગ ઘણો આવ્યો નહોતો, એટલી મુદતમાં ત્યાંની રાજપદ્ધતિમાં લોકસત્તાત્મકનું સ્વરૂપ ઘણું જ આવ્યું. એ બધાને માલમ હશે જ. તેમજ નાર્વે દેશમાં જે દહાડાથી યુદ્ધ પ્રસંગ આવવાનો બંધ થયો તે દિવસથી તે દેશમાં લોકનિયુક્ત રાજ્યસંસ્થાના ઉદયનો આરંભ થયો. પરંતુ કોઈ કોઈ વખતે ઉદ્યોગતત્પર સમાજનું સ્વરૂપ બદલાઇને તેને યુદ્ધતત્પર સમાજનું રૂપ આવે છે તે યુદ્ધ પ્રસંગથી જ આવે છે, તથા તેની જોડે લોકસત્તાત્મક રાજ્યપદ્ધતિ લય થઇને તેની જગાએ એક સત્તાત્મક રાજપદ્ધતિ ઉત્પન્ન થાય છે. હાલંડ, જર્મની, તથા ફ્રાન્સમાં ગઈ શદીમાં એવી જાતની રાજ્યપદ્ધતિનું રૂપાંતર થયું છે. ઇંગ્લંડ દેશની રાજપદ્ધતિ લોકસત્તાત્મક હોઇને ત્યાંની સમાજ ઉદ્યોગ તત્પર છે એ નિર્વિવાદ છે. તથાપિ તે દેશમાં પણ ગયા પચાસ વર્ષમાં ક્રિમીયા, હિંદુસ્થાન, ચીન એબિસિનિયા, બરમા, અશાન્ટી, શાઉથ આફ્રિકાના બોરોની જોડે વગેરે દેશોમાં

યુદ્ધ પ્રસંગ આવ્યાથી ત્યાં પણ ફરી યુદ્ધતત્પરતા વધે છે. બીજા દેશના માણસો આપણા ઉપર હુમલો કરશે એવી એક વખત બીક લાગી એટલે પોતે પોતાની મેળે બચાવની તૈયારી કરવા માંડે છે. તેજ પ્રમાણે ઇંગ્લંડની સ્થિતિ થઇ છે, લશ્કર, આરમાર, સમુદ્રની લઢાઇને માટે મનવારો તોપો વગેરેનો ખર્ચ કરવામાં તે દેશનો ઘણો ખર્ચ વધીને જ્યાં ત્યાં લઢાઈની તૈયારી ચાલું છે.

સમાજની ઉદ્યોગનિમગ્ન સ્વરૂપ બદલાઇને તેને યુદ્ધ તત્પર સ્વરૂપ મળ્યું એટલે સમાજની સ્વાર્થ બુદ્ધિ વધીને તે પૂર્ણ કરવા માટે તેનો યત્ન શરૂ થાય છે. અથેન્સનું જે લશ્કર તથા આરમાર પરશત્રુથી લઢવા માટે તૈયાર થયું તેજ પછીથી દેશ તાબે કરવામાં લાગ્યું. ફ્રાન્સ દેશમાં પ્રજા સત્તાત્મક રાજ્યનું લશ્કર પહેલાં પોતાની રક્ષા કરવા માટે નિર્માણ થયું તેજ પછવાડેથી બીજા ઉપર હુમલો કરવા ગયું. આ બાબત ઇંગ્લંડને પણ લાગુ પડે છે. કારણ હાલમાં ચીન, હિંદુસ્થાન, આફ્રિકા, ઇજિપ્ટ અને ટ્રાનસવાલ વગેરે દેશમાં અંગ્રેજ લોકોએ લઢાઇ કરી, તે કેવળ સ્વાર્થને માટે કરી છે એ કહેવું પડે એમ નથી.

સમાજમાં યુદ્ધ તત્પર રૂપ આવીને સમાજવૃત્તિ સ્વાર્થપર થઇ એટલે રાજ્યસંસ્થાનો કલહ જ માણસની સ્વતંત્રતા મર્યાદા તોડવા માટે વળે છે એ સ્પષ્ટ જ છે. સને ૧૮૧૫ થી ૧૮૫૦ સુધીનો તથા ૧૮૫૦ થી ૧૯૦૧ સુધીનો ઇંગ્લંડનો ઇતિહાસ ઉઘાડીને જોવાથી હમણાં માણસની સ્વતંત્રતાની મર્યાદા કેટલી થઈ છે તે જણાશે.

પહેલા સમાજમાંના માણસોને એક શાસનસૂત્રમાં બાંધી રાખે એવી એક નિયંત્રી શક્તિ જોઇએ. જૂદા જૂદા માણસના સ્વાર્થ જૂદા જૂદા પ્રકારના છે. જેનાથી એકનું સુખ છે, તેમાં બીજાનું દુઃખ છે. આવો સાંસારિક સ્વાર્થ વિરોધમાં સમાજ ભિન્ન કરવાની સંભવના છે. તેથી બધાનો વિવાદ ભંજન કરી શકે, બધાના ઉપર હુકમ ચલાવી શકે એવી કોઈ જગાએ સામર્થ્ય રહેવું જોઇએ. સમાજ બંધનના મૂળમાં

રાજાના હાથમાં તેવી શક્તિ રહે છે. પરંતુ જેમ જેમ સમાજની ઉન્નત્તિ થતી જાય છે તેમ તેમ ધર્મ નીતિ તથા નીતિ સંબંધીની શાસન શક્તિ લોક સાધારણના હાથમાં જાય છે; અને આખરે પ્રજા તંત્ર પદ્ધત્તિ ચાલીને બધી પ્રજા પસંદ કરીને પ્રતિનિધિ વર્ગની તરફ સમાજ રક્ષા કરવાનો બોજો સોંપે છે.

બીજું સમાજમાં શ્રમવિભાગ અથવા કાર્ય વિભાગની જરૂર છે. જંગલી અવસ્થાના માણસો એકમેકના ઉપર અવલંબીને રહેતા નથી; દરેક માણસ પોતાની જરૂર પ્રમાણે બધા કામો કરે છે. એકજ માણસ સુતાર, કડિયો, કુંભાર, માછલા પકડનાર, શિકારી, ઝુંપડું બનાવનાર ઇત્યાદિ હોય છે તેમ કોઈ પણ કામ સારી રીતે થઇ શકતું નથી; કોઇ તરફ પણ ઉન્નતિ થતી નથી. જો જૂદા જૂદા માણસોના હાથમાં જૂદા જૂદા કામ જાય, દરેક પોતપોતાના કામના ઉપર સારી રીતે ધ્યાન આપી શકે તો તેમાં દક્ષતા તથા કૌશલ દેખાડી શકે અને તેની ઉન્નતિ થઇ શકે. આવી રીતે પરસ્પર સાપેક્ષતાના ગુણથી શ્રમવિભાગ અથવા કાર્ય વિભાગથી સમાજમાંના માણસોનું ભલુ થાય છે. અતિ પ્રાચીન કાળમાંજ સમાજિક કાર્ય વિભાગની પદ્ધતિ પ્રતિષ્ઠિત થઇ હતી. હિંદુસ્થાનમાં તથા મિસરમાં આવી જાતિના વર્ગ બંધાયા હતા. જૂદી જૂદી જાતિના જૂદા ધંધાઓ છે. બ્રાહ્મણ અથવા યાજકો જ્ઞાન તથા ધર્મની ચર્ચા કરે, ક્ષત્રિય અથવા લઢવૈયા દેશની રક્ષા કરે, વૈશ્ય અથવા વેપારી વેપાર તથા ખેતીવાડીના ઉપર ધ્યાન આપે, શૂદ્ર અથવા દાસ બીજી પંક્તિના લોકોની સેવા ચાકરી કરે, પરંતુ આ બધા કેવળ મોટા મોટા વિભાગ છે. ભારત વર્ષમાં જે વર્ણશંકરો ઉત્પન્ન થયા, તેઓને પણ પુરૂષાનુક્રમિક વેપાર રોજગાર મુકરર થયો. વૈદ્ય ચિકિત્સક, હજામ હજામત કરનાર, વણકર વસ્ત્ર વણનાર ઇત્યાદિ. આવા નિયમથી પહેલા વિશેષ લાભ થાય છે. જે જે શીખે છે તે પોતાના છોકરાને ઇચ્છા પૂર્વક શીખાડે છે તેથી એક વંશમાં એક એક વિષયની કુશળતા વધે

છે. પરંતુ જ્યારે પંક્તિનું બંધન આવું પાકુ થઇ જાય છે કે, એક પંકિતના માણસો બીજા વર્ગમાં લેવાની સંભવના રહે નહિ, ત્યારે ત્રણુ અપકાર થાય છે. ૧ સાધારણુ સમાજના કરતાં પોતાના વર્ગના સ્વાર્થની તરફ દરેક માણસની વધારે નજર થાય છે, ૨ બીજા વર્ગની જોડે લગ્ન બંધન રહિત થવાથી કોઇ પંક્તિમાં નવું બળ અથવા પ્રતિભા પ્રવેશ થવાનો માર્ગ બંધ થાય છે, ૩ જે માણસ પોતાના વર્ગનો ધંધો રોજગાર છોડીને બીજી પંક્તિનો ઉદ્યોગ ધંધો પકડ્યાથી સમાજની ઉન્નતિ કરી શકત તેની પગમાં બેડી પડે છે. આવી રીતે સમાજિક પરસ્પર સાપેક્ષતાના ગુણથી કાર્ય વિભાગની રીતિ ઉત્પન્ન થઇ, આખરે તેના મૂળમાં કુહાડાના ઘા પડ્યા આવી ગૃહ વિચ્છેદ પૂર્ણુ સમાજ બહારના શત્રુના હુમલાથી અસમર્થ થાય તેમાં આશ્ચર્ય નથી. હિંદુસ્થાન અને મિસરજ તેનું ઉત્તમ દૃષ્ટાંત છે.

ત્રીજું સમાજમાં બંધાઇને રહેતા એકમેકની ઇચ્છા તથા અભિપ્રાય જણાવવા માટે એક સાધારણુ ભાષા રહેવી જોઇએ. જે માણુસ એકલો જંગલમાં રહે, ઝાડ વેલ પશુપક્ષીઓ જેના સોબતીઓ છે તેને ભાષાની જરૂર નથી. કોયલના ટઉકા સાંભળીને જે આનંદથી કુકૂરવ કરે તે ભલે કરે. નિઃશબ્દમાં વસંત પક્ષીના ગાયનો સાંભળે તેમાં પણુ હાનિ નથી. હવાના પ્રભાવથી ઝાડના પાંદડાનો સ્વનન સાંભળીને તેનું અનુકરણુ તેની પ્રવૃત્તિ થાય તો ભલે થાય. નીરસ વિચારવંત થયાથી પણુ હાનિ નથી. પરંતુ મનુષ્ય સમાજમાં નહિ બોલતા ચાલવાનું નથી. ડગલે ડગલે બીજાની મદદ લેવી પડે છે. જે મનમાં છે તે પ્રગટ નહિ કર્યાથી શી રીતે મદદ મળે ? જે જે વસ્તુની જેને જરૂર છે, તે તે વસ્તુનો અક્ષય ભંડાર છે તે તેની પાસે રહેવો એ અસંભવ પડતું છે. તેથી બીજાની પાસે ખોટ પૂર્ણુ કરવા માટે મનની વાત કહેવી જોઇએ. વળી વિચાર કરીને જુઓ, આપણે બીજાની પાસે ઘણીક વખતે ઉત્સાહ, પ્રેમ, પ્રશંસા

ચાહીએ છીએ; વાક્યથી તે સારી રીતે જણાવવામાં આવે છે. જો બીજા માણસને આપણા મતમાં લાવવાની ઇચ્છા હોય તો ભાષાજ આપણો મોટામાં મોટો રસ્તો છે. ઇશારતથી કંઇક મનનો ભાવ બીજા માણસની પાસે જાહેર કરી શકાય છે ખરો. પરંતુ આવી નિશાનીયો ઘણાજ થોડા વિષયમાં કામમાં આવે છે. ભાષાની મદદથી મનનો ભાવ જે પ્રકારે સ્પષ્ટ રીતે જણાવી શકાય છે તેવો બીજી કોઈ રીતે કહી શકાતો નથી. જ્ઞાનવૃદ્ધિની જોડે ભાષાનો વિકાશ થાય છે, અને ભાષાની મદદથી શોધાયલા તત્વો આગળ જતાં લોકોના જાણવામાં આવીને સમાજની ઉન્નતિ કરે છે.

ચોથુ સમાજમાંના માણસોના ઉપર એકમેકની ક્ષમા તથા દયા કરવાનો અભ્યાસ જોઇએ, બીજાના દોષની માફી બક્ષવાનું શિક્ષણ મેળવવું એ બહુ કઠણ કામ છે. પરંતુ પુષ્કળોને એકઠાં રહેવામાં ઘણાક અપરાધ સહજ કરવાની જરૂર પડે છે. એવા શિક્ષણની ખોટથી આફ્ગાની સ્થાન વગેરે દેશમાં ઘણાજ નજીવા કારણથી નર હત્યા થાય છે. જેમ દોષવાન માણસને ક્ષમા કરવી એ એક સામાજિક ગુણ છે તેમ વિપત્તિમાં પડેલા માણસને મદદ આપવી એ બીજો સામાજિક ગુણ છે. બનાવના પ્રસંગનાં ઘણાં માણસો વિપત્તિની જાળમાં હમેશાં બંધાય છે દયાવાન થઇને તેઓને છોડવાને યત્નશીલ થયાથી સામાજિક એક બીજાને ઉપયોગી થઇને કામ કરવું આય છે. આવી જાતની મદદ મેળવવાની આશાજ સમાજ બંધનનું મૂળ છે.

પાંચમું સમાજમાંના માણસોમાં ઐક્યતા જોઇએ; એક જણના અથવા એક અંગના દુઃખથી બીજા બધાને દુઃખી થવું જોઇએ, અને સમાજની રક્ષાને માટે પ્રાણ આપવામાં પણ તૈયાર થવું જોઇએ. આવું જ્યાં નથી ત્યાં સમાજ લાંબી મુદત સુધી કાયમ રહી શકતી નથી. ગ્રીસ તથા રોમમાં ઘણા ગુલામો હતા, ગુલામોના દુઃખથી રાજના માણસોને દુઃખ થતું નહોતું તેથી સમાજની રક્ષા કરવામાં પણ ગુલામોની

પ્રવૃત્તિ થતી નહોતી. અમારા ધારવા પ્રમાણે એજ ગ્રીસ તથા રોમના પડવાનું મોટામાં મોટું કારણ છે. વળી અમે પહેલા જણાવ્યું છે કે ભારત વર્ષ તથા મિસરમાં જાતિભેદ સ્થાપવાને લીધે ઐક્યતાનો હ્રાસ તેને લીધે સ્વતંત્રતા જવાનુ મુખ્ય કારણ થયું છે.

ભાવનગરાધિપતિ શ્રી ભાવસિંહજી.



સમાજ ઉત્પતિ તત્વ

બ્રિટિશ મ્યુઝિયમ લંડન.



નારાયણ.

